RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 237* Date: 24.06.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વર્ષના અંત સુધી આદેશ લાગુ,નવા નિયમોની અસર ૫ લાખ નોકરીઓને થશે

# ભારતીય આઈટી પ્રોફેશનલ્સને ઝટકો: ટ્રમ્પનો H1-B વિઝા પર પ્રતિબંધ




*વૉશિંગ્ટન,તા.૨૩*

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક દૂરોગામી અસરો સર્જે તેવો એક મહત્વનો નિર્ણય લઈને રોજગારક્ષેત્રે મહત્વનો એચ-૧બી વીઝા સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી છે.અમેરિકાના આ પગલાથી ભારત સહિત દુનિયાના આઈટી પ્રોફેશનલને મોટો આંચકો લાગ્યો છે. આ સસ્પેન્સન વર્ષના અંત સુધી અમલમાં રહેશે. ટ્રમ્પ પ્રશાસનના અધિકારીઓના મતે આ નિર્ણય અમેરિકન શ્રમિકોના હિત માટે લેવાયો છે. ટ્રમ્પના આ નિર્ણથી ૨.૪૦ લાખ લોકો પ્રભાવિત થાય તેમ છે અને તેમાં, સૌથી વધુ ભારતીય છે. સુપરરીચ દેશ અમેરિકાના આ નિર્ણય પાછળ વર્તમાન કોરોના મહામારી સંક્ટ પણ જવાબદાર છે.

સૂત્રોએ કહ્યું કે, ડોલરિયા દેશ અમેરિકામાં કામ કરવા માટે એચ-૧બી વીઝા મેળવનાર લોકોમાં સૌથી વધારે ભારતીય આઈટી(ઈન્ફોર્મેશન ટેકનોલોજી) પ્રોફેશનલ હોય છે. જેથી વિઝાના પ્રતિબંધ પર સૌથી વધારે નુકસાન ભારતીયોને થશે તે ચોક્કસ નક્કી છે. જોકે એવી પણ સંભાવના છે કે નવા વીઝા પ્રતિબંધથી હાલના સમયે વર્ક વીઝા પર અમેરિકામાં કામ કરતા લોકો પર અસર નહીં પડે.. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન એમ કહ્યું હતું કે તે રવિવારે કે સોમવારે તેઓ નવા વીઝા પ્રતિબંધની જાહેરાત કરશે.

ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારના રોજ કહ્યું કે આ પગલું એ અમેરિકનોની મદદ કરવા માટે જરૂરી છે કે જેમણે કોરોનાને કારણે સર્જાયેલા હાલના આર્થિક સંકટના લીધે પોતાની નોકરીઓ ગુમાવી દીધી છે. નવેમ્બરમાં યોજાનાર રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલાં ટ્રમ્પે આ પગલું ભર્યું છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસના કારણે અમેરિકામાં બેરોજગારી વધી છે. અમેરિકાના લોકોને નોકરી આપવી પ્રાથમિકતા છે. ટ્રમ્પના નિર્ણયથી ૨,૪૦,૦૦૦ લોકો પ્રભાવિત થશે. અમેરિકામાં દર વર્ષે ૮૫,૦૦૦ લોકોને એચ-૧બી વિઝા મળે છે. જેમાં ૭૦ ટકા ભારતીયોને ફાળે આવે છે.મંગળવારે ટ્રમ્પ વહીવટીતંત્ર એચ-૧બી વિઝા તેમજ એચ-૪, એચ-૨બી, જે અને એલ વિઝા આપવા પર પ્રતિબંધ લગાવ્યો છે.. ટ્રમ્પે આવા વિઝા માટે લોટરી સિસ્ટમ તાત્કાલિક બંધ કરવા કહ્યું હતું. અમેરિકન સરકારે કહ્યું કે વિઝા સંબંધિત નવા પ્રતિબંધો આ વર્ષના અંત સુધીમાં ૫ લાખ ૨૫ હજાર નોકરીઓને અસર કરશે. અમેરિકામાં કોરોના સંક્રમણના કારણે અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ લોકોએ તેમની નોકરી ગુમાવી છે.વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીએ સોમવારે કહ્યું હતું કે ૩૧ ડિસેમ્બર સુધી વિદેશીઓને ગ્રીન કાર્ડ આપવામાં આવશે નહીં. જો કે જાણીતી ગૂગલ કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુંદર પિચાઈએ જણાવ્યું હતું કે સ્થળાંતર કરનારાઓએ અમેરિકાને આર્થિક રીતે મજબૂત બનાવવામાં મદદ કરી હતી અને ટેકનોલોજીના ક્ષેત્રમાં દેશને નંબર વન બનાવ્યો હતો. તેથી સ્થળાંતર કરનારા કર્મચારીઓને કારણે ગૂગલ આ તબક્કે છે. ઈમિગ્રેશન સંબંધિત સરકારના નિર્ણયથી હું નિરાશ છું. અમે સ્થળાંતર કરનારાઓની સાથે ઉભા રહીશું અને તેમને તમામ પ્રકારની તકો પૂરી પાડવા માટે કામ કરીશું.

સૂત્રોએ વધુમાં કહ્યું કે, એચ-૨બી વિઝા છોડીને અન્ય તમામ વિઝાના સસ્પેન્ડ થવા પર ભારતીયોને અસર થશે. એચ-૨બી વિઝા સામાન્યપણે મેક્સિકોના પ્રવાસીઓને કામ આવે છે. અમેરિકામાં દર વર્ષે ૧૦ લાખ કર્મચારી બીજા દેશોથી આવે છે. અમેરિકન સાંસદોએ કહ્યું કે, બેરોજગારીનો દર એટલો વધારે છે કે આ કર્મચારીઓને વિઝા આપવાનું કોઈ કારણ નથી.

ટ્રમ્પે એચ-૧બી વિઝાના દુરૂપયોગને રોકવા પણ નિર્દેશ આપ્યા છે. જો કોઈ વિઝા સંબંધિત નિયમોનું પાલન નહીં કરે તો અમેરિકન લેબર ડિપાર્ટમેન્ટ તેની સામે કાર્યવાહી કરશે. જોકે ખાદ્ય ઉદ્યોગ, તબીબી અને કેટલાક અન્ય ક્ષેત્રો માટે વિઝા આપવાની મંજૂરી આપી શકાય છે. આ વર્ષે એપ્રિલમાં, એચ-૧બી વિઝા આપવાની પ્રક્રિયા ૬૦ દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવી હતી.

### દેશમાં કુલ કેસ વધીને ૪.૪૦ લાખને પાર

## કોરોના બેરોકટોક: દેશમાં ૨૪ કલાકમાં ૧૪,૯૩૩ કેસ, ૩૧૨ના મોત

*ન્યુ દિલ્હી,તા.૨૩*

દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોના રોગચાળાના ૧૦ હજાર ૮૭૯ સંક્રમિત દર્દીઓ સાજા થયાની સાથે તેની સામે આ જ સમયગાળામાં ૧૪,૯૩૩ નવા કેસો નોંધાયા હતા. એક રીતે જોતાં છેલ્લાં કેટલાક દિવસથી દરરોજ લગભગ ૧૫ હજાર નવા કેસ સામે આવી રહ્યા છે. દેશમાં અત્યાર સુધી આ જીવલેણ ચાઈના વાયરસને કારણે ૧૪ હજારથી વધારે લોકોના મોત થઈ ગયા છે.જ્યારે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારત અંગે એવો અભિપ્રાય આપ્યો હતો કે, ભારતમાં સંક્રમણના કેસ વધવાનું કારણ તપાસ દરમાં થયેલો વધારો નથી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા આજે મંગળવારે સવારે જાહેર કરાયેલા છેલ્લાં ૨૪ કલાકના આંકડા મુજબ, દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૪,૪૦,૨૧૫ થઈ ગઈ છે. જેમાંથી ૧,૭૮,૦૧૪ એક્ટિવ કેસ છે જ્યારે અત્યારસુધીમાં સાજા થયેલા લોકોની સંખ્યા ૨,૪૮,૧૯૦ છે. આ ઉપરાંત ૩૧૨ લોકોના મોત થતાં કુલ હાલમાં મૃત્યુઆંક ૧૪,૦૧૧ થઈ ગયો છે.દેશના પાટનગર દિલ્હીમાં એક જ દિવસમાં કોરોનાના ૨,૯૦૯ નવા કેસ સામે આવ્યા હતા સાથે કુલ કેસોની સંખ્યા ૬૨,૬૫૫ પર પહોંચી ગઈ છે જેમાંથી ૨૩,૮૨૦ એક્ટિવ કેસ છે અને ૩૬,૬૦૨ લોકો સાજા થઈ ગયા છે. તમિલનાડુમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૬૨,૦૮૭ પર પહોંચી ગઈ છે જેમાંથી ૭૯૪ લોકોના મોત થઈ ગયા છે.

દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪.૪૦ લાખ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૯૩૩ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે.. સોમવારે ૧૦ હજાર ૮૭૯ દર્દીઓ સાજા થઈ ગયા છે અને ૩૧૨ લોકોના મોત થયા છે. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૩૭૨૧ નવા મામલાઓ અને સૌથી વધુ ૧૧૩ મોત થયા છે. દિલ્હીમાં ૨૯૨૯ દર્દીઓ વધ્યા, જ્યારે સૌથી વધુ ૩૫૮૯ દર્દીઓ સાજા થયા છે. દેશમાં કુલ એક્ટિવ કેસમાં માત્ર ૨૩૫૭ દર્દીઓ વધ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧.૭૮ લાખ એક્ટિવ કેસ છે. ૨.૪૮ લાખ દર્દીઓ સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૪ હજાર સંક્રમિતોના મોત થયા છે.

૫ રાજ્યોમાં કોરોનાના કેસોની સ્થિતિની વિગતોમાં મહારાષ્ટ્ર સોમવારે ૩૭૨૧ સંક્રમિત મળ્યા અને ૧૧૩ના મોત થયા છે.નૌકા દળના જહાજ આઈએનએસ શિવાજીના ૮ કેડેટ્સનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મુંબઈમાં ૧૦૯૮, ઠાણેમાં ૧૦૦૨ કેસ વધ્યા. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૩૫ હજાર ૭૯૬ થઈ છે, તેમાંથી ૬૧ હજાર ૭૯૩ એક્ટિવ કેસ છે. કોરાનાથી અત્યાર સુધીમાં ૬૨૮૩ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મધ્યપ્રદેશમાં ૧૭૫ કેસ પ્રકાશમાં આવ્યા છે અને ૬ લોકોના મોત થયા છે. સૌથી વધુ ૪૪ કેસ ઈન્દોરમાં મળ્યા છે. ભોપાલમાં ૨૩, જબલપુરમાં ૧૨, નીમચ અને મુરૈનામાં ૧૧-૧૧ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨ હજાર ૭૮ કેસ પ્રકાશમાં આવ્યા છે. તેમાંથી ૯૨૧૫ દર્દીઓ સાજા થયા છે. કોરોનાથી અત્યાર સુધીમાં ૫૨૧ લોકોએ જીવ ગુમાવ્યા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા : ૫૪૯**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૮૪૨૯**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૬**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૬૦૪**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૦૫૨૧**

### ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રા: મુખ્યમંત્રીએ પહિંદ વિધિ કરી

## ઈતિહાસમાં પ્રથમ વખત મંદિર પરિસરમાં જ ફર્યો જગતના નાથનો રથ





*અમદાવાદ,તા.૨૩*

૧૪૩ વર્ષમાં આજે પહેલીવાર જગન્નાથ મંદિરેથી રથયાત્રા અમદાવાદના રસ્તા પર ફરવાને બદલે માત્ર મંદિરના પ્રાંગણમાં જ ફરી હતી. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં લેતા હાઈકોર્ટે રથયાત્રા કાઢવાની મંજૂરી આપવાનો ઈનકાર કરતાં આજે સવારની મંગળા આરતી, પહિંદ વિધિ બાદ રથયાત્રાનું વિધિવત રીતે પ્રસ્થાન થયું હતું, પરંતુ રથ મંદિરની બહાર નહોતા નીકળ્યા.

દર વર્ષની માફક આ વર્ષે પણ ખલાસી ભાઈઓ રથ ખેંચવા માટે મંદિરે વહેલી સવારે પહોંચી ગયા હતા. તેમણે ત્રણેય રથને ખેંચીને મંદિરના પ્રાંગણમાં ફેરવ્યા હતા. આ ઘટનાના અનેક ભક્તો પણ સાક્ષી બન્યા હતા. રથ જ્યારે મંદિરમાં ફરી રહ્યા હતા ત્યારે સમગ્ર જગન્નાથ મંદિર જય રણછોડ માખણ ચોરના નારાથી ગૂંજી ઉઠ્યું હતું.રથયાત્રા ભલે અમદાવાદમાં ના ફરવાની હોય, પરંતુ દર વર્ષની માફક આ વખતે પણ તેને લગતી તમામ વિધિઓ પરંપરાગત રીતે જ અનુસરવામાં આવી હતી. સવારે જગન્નાથ મંદિરના મહંત દિલિપદાસજી મહારાજે મંગળા આરતી ઉતારી હતી. ત્યારબાદ ભગવાનની આંખો પરથી પાટા ખોલવામાં આવ્યા હતા.

વહેલી સવારે સીએમ વિજય રુપાણી પણ પહિંદ વિધિ કરવા માટે જગન્નાથ મંદિર આવી પહોંચ્યા હતા. તેમણે માસ્ક પહેરીને સોનાની સાવરણીથી ભગવાનનો રથ અને રસ્તો સાફ કર્યા હતા.. ત્યારબાદ વિધિવત રીતે રથયાત્રાનો પ્રારંભ કરાવાયો હતો. જોકે, આ વખતે કોરોનાને કારણે ભક્તોએ પણ સ્વંય શિસ્ત જાળવીને મંદિર આવવાનું ટાળ્યું હતું.ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના રથ મંદિરમાં ફેરવ્યા બાદ તેમને ભક્તો માટે મંદિરમાં જ ત્રણેય રથને મૂકવામાં આવ્યા હતા. જોકે, ભક્તોને મર્યાદિત સંખ્યામાં જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. મંદિરમાં ભીડ ના થઈ જાય અને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવામાં કોઈ સમસ્યા ના સર્જાય તેની તકેદારી રાખવા મોટી સંખ્યામાં પોલીસને પણ હાજર રખાઈ હતી.

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજવાના મુદ્દે રાત્રે બે વાગ્યા સુધી ગુજરાત હાઈકોર્ટમાં હાઈવોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. હાઈકોર્ટે બે વાગ્યા સુધી ઓનલાઈન સુનાવણી કરી તમામ પક્ષોને સાંભળી અંતે ભક્તો અને લોકોના આરોગ્યની ચિંતા વ્યક્ત કરતા ગુજરાત સરકારની અરજીને ફગાવી દેવામાં આવી હતી અને ભગવાન જગન્નાથજીની રથયાત્રાને નગરચર્યાએ નિકળવા પરનો પ્રતિબંધ યથાવત્ રખાયો હતો.

### ૧૧ કલાકની વાતચીત બાદ કમાન્ડર લેવલની બેઠકમાં સર્વ સંમતિ થઈ

## ભારત સામે ઝૂક્યુ ચીન: લદ્દાખમાં સેના હટાવવા તૈયાર

*ન્યુ દિલ્હી,તા.૨૩*

ભારત અને ચીન લદ્દાખમાં ચાલી રહેલા તણાવમાં સોમવારમાં થોડોક ઘટાડો થતા જોવા મળ્યો. ગઈકાલે થયેલી બંને દેશોનાં જનરલો વચ્ચેની વાતચીત દરમિયાન ડ્રેગન પૂર્વ લદ્દાખનાં તણાવવાળા વિસ્તારથી પોતાના સૈનિકોને હટાવવા પર સહમત થયું છે. ઉલ્લેખનીય છે કે ગલવાન ખીણમાં ચીની સેનાની સાથે સંઘર્ષમાં ભારતનાં ૨૦ જવાનો શહીદ થયા હતા, જ્યારે ચીનનાં ૪૦ જવાનો માર્યા ગયા હતા. આ ઘટના બાદ બંને દેશો વચ્ચેનો તણાવ ચરમ પર પહોંચી ચુક્યો છે.

સૂત્રોએ જણાવ્યું કે વાતચીતમાં પૂર્વ લદ્દાખથી સૈનિકોને હટાવવા માટેની રીતોને અંતિમ આકાર આપવા પર ધ્યાન આપવામાં આવ્યું. વાતચીત દરમિયાન ભારત તરફથી સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે LACમાં જેવી સ્થિતિ ૫ મે પહેલા હતી તેવી જ હોવી જોઈએ. એટલે કે ભારત તરફથી સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું કે ચીન પોતાની સરહદમાં પાછું ફરે. બંને પક્ષોની વચ્ચે એ જ જગ્યાએ ૬ જૂનનાં લેફ્ટનન્ટ સ્તરની પહેલા સ્તરની વાતચીત થઈ હતી, ત્યારબાદ બંને દેશોએ આ અવરોધ દૂર કરવા માટે એક સમજૂતીને અંતિમ રૂપ આપ્યું હતુ.

જો કે ૧૫ જૂનનાં થયેલી હિંસક અથડામણ બાદ સરહદ પર સ્થિતિ બગડી ગઈ, કેમકે બંને પક્ષોએ ૩,૫૦૦ કિલોમીટરની વાસ્તવિક સરહદની પાસે મોટાભાગનાં ક્ષેત્રોમાં પોતાની સૈન્ય તૈનાતી ઘણી ઝડપી કરી દીધી. ઉલ્લેખનીય છે કે ભારત અને ચીનની વચ્ચે લાઈન ઑફ એક્ચુઅલ કંટ્રોલ (LAC) પર ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે સોમવારનાં લેફ્ટનન્ટ જનરલ સ્તરની વાતચીત થઈ હતી.

ભારતીય પક્ષનું નેતૃત્વ ૧૪મી કોરનાં કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ હરિંદર સિંહે કરી જ્યારે ચીની પક્ષનું નેતૃત્વ તિબેટ મિલિટ્રી ડિસ્ટ્રિક્ટનાં કમાન્ડરે કર્યું હતુ. LACની બીજી તરફ ચીનનાં મૉલ્ડો વિસ્તારમાં બંને સેનાઓનાં અધિકારીઓ વચ્ચે બેઠક થઈ. આ બેઠક લગભગ ૧૨ કલાક બાદ ખત્મ થઈ. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે, સોમવારનાં થયેલી કોર કમાન્ડરની બેઠક સકારાત્મક માહોલમાં થઈ.

૧૫ જૂનની રાત્રે LAC પર ભારત અને ચીનનાં સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. જેમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતાં. ઉપરાંત મળતી માહિતી અનુસાર ચીનનાં પણ ૪૩થી વધુ સૈનિકો આ અથડામણમાં માર્યા ગયા હતાં. પરંતુ ચીને હજુ સુધી માર્યા ગયેલા સૈનિકોની સંખ્યા નથી આપી.

## પતંજલિએ કોરોનાની આયુર્વેદિક દવા 'કોરોનિલ' કરી લૉન્ચ

*હરિદ્વાર,તા.૨૩*

યોગગુરુ બાબા રામદેવની સંસ્થાન પતંજલિએ આજે કોરોના વાયરસની આયુર્વેદિક દવા 'કોરોનિલ'નું સાઈંટિફિક ડિટેલ સાથે લોન્ચિંગ કર્યું છે. પતંજલિનો દાવો છે કે કોરોનિલ, કોરોનાની સારવાર માટે કારગર સાબિત થશે. સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ, ૨૪ કલાકમાં કોરોનાના ૧૪,૯૩૩ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે ૩,૧૨ લોકોના મોત થયા છે. મીડિયા રિપોર્ટ મુજબ બાબા રામદેવે કહ્યું કે આ દવાના મેન્યુફેક્ચરિંગમાં માત્ર દેશી સામાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં મુલૈઠી-ઉકાળો સહિત કેટલીક વસ્તુઓનું મિશ્રણ છે.

રિપોર્ટ પ્રમાણે બાબા રામદેવે કહ્યું કે,'અમારી દવાનો ૧૦૦ ટકા રિકવરી રેટ છે અને ડેથ રેટ શૂન્ય છે. ભલે લોકો હાલ અમારા આ દાવા પર સવાલ ઉભા કરી રહ્યાં છે પરંતુ અમારી પાસે દરેક સવાલનો જવાબ છે. અમે બધા વૈજ્ઞાનિક નિયમોનું પાલન કર્યું છે.' આ પહેલા પતંજલિના સીઈઓ આચાર્ય બાલકૃષ્ણે કહ્યું કે,' પતંજલિના બધા વૈજ્ઞાનિક, એનઆઈએમએસ યુનિવર્સિટીના ડોક્ટર અને દરેક ડોક્ટરોને શુભેચ્છાઓ. જેમના પ્રયાસો હવે સાકાર થઈ રહ્યા છે.'

રિપોર્ટ મુજબ બાબા રામદેવે કહ્યું કે આજે એલોપૈથિક સિસ્ટમ મેડિસનને લીડ કરી રહ્યા છે. અમે કોરોનિલ બનાવી છે. જેમાં અમે ક્લિનિકલ કંટ્રોલ સ્ટડી કરી, ૧૦૦ લોકો પર આનો ટેસ્ટ કર્યો. ૩ દિવસની અંદર ૬૯ ટકા દર્દી પોઝિટિવથી નેગેટિવ થયા છે. જ્યારે, આ દવાથી ૭ દિવસમાં ૧૦૦ ટકા દર્દીઓ સાજા થયા છે. મીડિયા રિપોર્ટ મુજબ કોરોનિલ કિટની કિંમત લગભગ ૬૦૦ રૂપિયા સુધી બતાવવામાં આવી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

### વિશ્વભરમા રાજકારણીઓ પ્રજાને ગુમરાહ કરવામાં ઉસ્તાદ છે કે શું.....?

વિશ્વભરમાં કોરોનાએ ૪ લાખ૬૨ હજાર લોકોને મૃત્યુના મુખમાં ધકેલી દીધા છે. તો ચિન સિવાય વિશ્વભરના દેશોના અર્થતંત્રને હચમચાવી નાખ્યું છે. ભારતમાં મૃતાક ૧૪ હજારથી૧ આગળ વધી રહ્યો છે. ત્યારે વિશ્વની રાજકીય હસ્તીઓ પોત પોતાનો સ્વાર્થ સાધવા પ્રજાને ગુમરાહ કરવામાં મશગુલ છે. રાજકીય હસ્તીઓને માટે કોરોનાવાયરસની કે તેના માઠા પરિણામો ની કોઈ અસર નથી થઈ.....! તેમ કહેવું ખોટું નથી.... અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પુનઃ રાષ્ટ્રપતિ પદ મેળવવું જોખમી બની ગયું છે. ત્યારે અમેરિકાની પ્રજાનો વિશ્વાસ જીતવા ચીન ઉપર કોરોના જનક નો આક્ષેપ મુકયો...કોરોના વાયરસ પેદા થવાની તપાસની વાત જોરશોરથી ઉપાડી અને તેના પરિણામો ભોગવવા ચીનને તૈયાર રહેવાની ચીમકી પણ આપી.... છતાં અમેરિકાની જાગૃત પ્રજાએ ટ્રમ્પ માટે કોઈ ઉમળકો બતાવ્યો નહી. ત્યારે ટ્રમ્પની રાષ્ટ્રપતિ પદ માટે પ્રચાર સભાઓ શરૂ કરી પરંતુ પ્રજા તેનાથી દૂર રહેવા લાગી છે.....! તેમની સભાના સ્થળે આયોજન કરતાં પણ માંડ ૪૫ થી ૫૦ ટકા લોકો જ તેમને સાંભળવા આવે છે. અને આવા સમયે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોલ્ટને ટ્રમ્પ બાબતે એક પુસ્તક લોન્ચ કરવાનું હતું કે જેમાં ટ્રમ્પ વિશ્વના દેશોને ચીન સાથે ભીડાવી દેવાના વ્યુહ બાબતે પ્રકાશ પાડતા હોવાની વિગતો જાહેર થતા ટ્રમ્પ માટે વધુ મોટી મુશ્કેલી ઊભી થઈ છે... અને અમેરિકા પ્રજા બોલ્ટનની વાતને વધુ સ્વિકારી રહી છે જે ડોનાલ્ડ ટ્રમ્પ માટે રાષ્ટ્રપતિ બનવામાં મોટો રોડો નહીં પરંતુ પહાડ બની શકે....!? જેથી ટ્રમ્પ બોલ્ટન સામે કોર્ટ કેસ કરવા અને પુસ્તક લોન્ચ કરવા પર પ્રતિબંધ મૂકવા માંગ કરી..... પરંતુ ટ્રમ્પ કોર્ટમાં ગયા એટલે ત્યાની પ્રજા વધુ ભડકી છે. અને ટ્રમ્પ માટે હવે રાષ્ટ્રપતિ પદ મળવું વધુ આકરુ બની ગયું છે....! ત્યારે ફરી ટ્રમ્પ ફરી એક વાર નવો દાવ ખેલ્યો... કોરોના મહામારીનું કારણ બતાવી એચ-વનબી વિઝા સ્થગીત કરવાની વાત કરી છે અને તે માટે વિચારણા ચાલતી હોવાની વાત કરતાં અમેરિકામાં કંપનીઓમાં અને ભારતીય લોકોમાં ભારે તહેલકો મચી ગયો છે....! કારણ એચ-વન બી વીઝા ધારકોમાં ભારતીયોની સંખ્યા વધુ છે. પરંતુ આ બાબત ટ્રમ્પ માટે વધુ નુકશાન આપતી બની રહેશે....! કારણ અમેરિકાની અનેક કંપનીઓમાં મોટાભાગે ટેકનિકલ તજગ્નો ભારતના લોકો છે..... જ્યારે ચીનની પ્રજા જીન પીગથી તંગ થઈ ગઈ છે. વાજ આવી ગઈ છે... એટલે જીન શીંગ પ્રમુખપદ મેળવવા ભારત સરહદે આવેલા ઊંબાડિયા કરી ચીનની પ્રજાને ગુમરાહ કરવા પ્રયત્નો કરે છે.... આને શું કહીશુ.....?“ ભારતમાં લોકો ફક્ત ધર્મના નામ પર ઉકળી ઉઠે છે કે મેદાનમાં આવી જાય છે... પરંતુ ગરીબી, ભૂખમરો, બેરોજગારી કે શિક્ષણ જેવા મહત્વના પ્રશ્રે મેદાન-એ-જંગ કરતા નથી... બસ માત્ર સહન કરવામાં માને છે અને ભારતના રાજકારણમાં આ વાત વણાઈ ગઈ છે. તાજેતરમાં કોરોનાની મહામારીને લઈને દેશભરમા માત્ર પુરી જગન્નાથ રથયાત્રા માટે કડક નિયમોનું પાલન કરવા સાથે મંજુરી આપી છે તો દેશમાં બીજા નંબરની ગણાતી અમદાવાદ જગન્નાથજીની રથયાત્રાને દિનચર્યા માટે મંજૂરી ન મળી... આ કારણે ભક્તોમાં નારાજગી ફરી વળી...થોડી હોહા થઈ...! પરંતુ અમદાવાદની ગીચતા અને રથયાત્રાના રૂટ ની વસ્તી તેમજ હોટસ્પોટ વિસ્તારના રૂટને કારણે મંજૂરી ન મળી.... અને મંદિર પરિસરમાં જ રથ ફેરવવાની મંજૂરી આપી. વહેલી સવારે મુખ્યમંત્રી રૂપાણીએ પ-હિંદ વિધિ કરી. જયારે અમિત શાહે આરતી કરી બીજી તરફ હાજર ભક્તોની ભીડ રથ યાત્રા કાઢવા આગ્રહ કરતી હતી ત્યારે જગન્નાથ મંદિરના ટ્રસ્ટીઓએ બેઠક કરી તમામ પાસા વિચારી મંદિર પરિસરમાંજ રથયાત્રા ફરતી રહે તેવો નિર્ણય કર્યો. અને મંદિર પરિસરમાં જ રથ યાત્રા ફરતી રહી.તો આ વખતે મંદિર દ્વારા કે ભક્તો દ્વારા કેસરી ઉપકરણ વિતરણ ન કર્યું... પરંતુ ભાજપાએ તેનો ફાયદો ઉઠાવી દર્શન કરી મંદિર બહાર નીકળનારાઓને કેસરી માસ્કનું વિતરણ કર્યું ત્યારે એક શ્રધ્ધાળુએ કોમેન્ટ કરી કે જગન્નાથજીને કારણે ભાજપાએ સત્તા મેળવી અને હવે રથયાત્રા પર પાબંધી આ કેવું....? જો કડક નિયમોના પાલન કરવા સાથે રથયાત્રા નગરની પરિક્રમાએ નીકળી હોત તો લોકો ભાજપા સાથે રહે.... પરંતુ હવે.....!! બીજી તરફ અમદાવાદ મનપા જીતવા માટે ભાજપા ગુજરાત સરકારે વધુ વિસ્તારો અમદાવાદમા ભેળવ્યા પરંતુ કોરોના સમયમાં કોઈ ખબર પૂછવા આવ્યા ન હતા ના કોઈ મદદે...ભાજપાના તમામ નેતાઓ લાબો્ સમય કે કાયમી કોરેન્ટાઈન થઈ ગયા હતા એટલે હવે સત્તા માટે આશા રાખવી નકામી છે. તો અન્ય એક શ્રદ્ધાળુ ટીકાકારે કહ્યુ કે ભાજપાના પબુભા માણેક મોરારીબાપુને મારવા દોડે છતાં કોઈ કેસ નહીં કે પક્ષ દ્વારા કોઈ પગલાં નહીં....આ કેવું....? ચીન અને ભારતના સૈનિકોની ઝપાઝપીમાં આપણા ૨૦ જવાનો શહીદ થાય ત્યારે વડાપ્રધાન કહે છે કે ચીન આપણી સરહદમાં ઘુસ્યુજ નથી.... અને રાજનાથ કહે છે ચની સૈનિકો ભારતની સરહદમાં ઘૂસી આવ્યા.... તો આ રીતે પ્રજાને ખોટું બતાવવા પાછળનું કારણ શું.....?! જયારે કે અમે ચીનની બનાવટોનો બહિષ્કાર કર્યો છે....! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૪/૦૬/૨૦૨૦, બુધવાર, અષાઢ સુદ-૩
સૂર્યોદય-૬-૦૫, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૭-૫૩,
આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પૃષ્ય

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૦૬થી લાભ-અમૃત-૯-૨૮ સુધી, ૧૧-૦૮થી શુભ-૧૨-૪૯ સુધી, ૧૬-૧૧ થી ચલ-લાભ-૧૯-૩૩ સુધી, ૨૦-૫૨ થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૦ સુધી

**- શુભ હોરા-**
૬-૦૬થી ૮-૨૦ સુધી,૯-૨૮થી ૧૦-૩૫ સુધી,૧૨-૪૯થી ૧૬-૧૧ સુધી,૧૭-૧૯થી ૧૮-૨૬ સુધી

# એમસીએક્સને હાજર સોના-ચાંદી પર ઓપ્શન્સ શરૂ કરવા માટે સેબી તરફથી મળેલી મંજૂરી

**સોના-ચાંદી, બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં સાંકડી વધઘટઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ સીપીઓમાં ૩૪,૫૫૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સુધારોઃ કપાસ, કોટન, એલચી, મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૨૪૧૯ કરોડનું ટર્નઓવર**

મુંબઈ, તા.૨૩

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ)ને મંગળવારે સેબી દ્વારા સોનું-મિની (૧૦૦ ગ્રામ) અને ચાંદી-મિની (૫ કિલોગ્રામ)ના ઓપ્શન્સ ઈન ગુડ્સ શરૂ કરવા માટે મંજૂરી પ્રાપ્ત થઈ છે. એક્સચેન્જ પર સોના અને ચાંદીના વાયદા પર ઓપ્શન્સને મળેલા બહોળા પ્રતિસાદ સાથે સફળ રહેલા હાલના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટની સાથે-સાથે હવે અંતર્ગત તરીકે સોનું-મિની (૧૦૦ ગ્રામ બાર્સ) અને ચાંદી-મિની (૫ કિલોગ્રામ બાર્સ એટલે કે ૧ કિલોગ્રામના ૫ બાર્સ) સાથેના ઓપ્શન્સ ઈન ગુડ્સ શરૂ કરશે. આ નવા સોનું-મિની અને ચાંદી-મિનીના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટમાં એક્સપાયરી અને પાકતી તારીખ, હાલના સોના-ચાંદીના મિની વાયદામાં જે પ્રમાણેની છે તે મુજબની જ સમાન રહેશે.

મંગળવારે વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૮૯૩૩૭ સોદામાં રૂ. ૧૨૪૧૯.૯૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૨૦૮.૧૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૧૧.૮૦ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદી તથા તમામ બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં વધઘટ સંકડાઈ ગઈ હોય તેમ સીમિત રેન્જમાં ફેરફાર થયો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ થઈ હતી. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)માં ૩૪,૫૫૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સુધારો હતો, જ્યારે કપાસ, કોટન, એલચી અને મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈ વાયદાના ભાવમાં રહી હતી.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૪૦૨૩ સોદાઓમાં રૂ. ૭૧૮૪.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૮૬૪ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૦૧૯ અને નીચામાં રૂ. ૪૭૭૩૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ ઘટીને રૂ. ૪૭૯૨૪ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૪૬૨ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૫૧ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫ ઘટીને બંધમાં રૂ. ૪૭૮૭૭ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૪૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૫૯૮ અને નીચામાં રૂ. ૪૮૦૮૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫ વધીને રૂ. ૪૮૫૦૫ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૫૨ ઘટીને રૂ. ૪૮૫૬૫ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૩૨ ઘટીને રૂ. ૪૮૫૫૩ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૦૦૭૩ સોદાઓમાં રૂ. ૨૩૪૫.૩૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૯૪ ખૂલી, ઊપરમાં રૂ. ૩૧૫૩ અને નીચામાં રૂ. ૩૦૬૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૧ વધીને રૂ. ૩૧૪૫ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૬૩૬ સોદાઓમાં કુલ રૂ. ૩૪૦.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૯૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૯૭૦ અને નીચામાં રૂ. ૧૫૭૯૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૦ ઘટીને રૂ. ૧૫૮૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૩૨.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૩ વધીને બંધમાં રૂ. ૭૩૨.૬ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૧૩૬૦ ખૂલી, અંતે રૂ. ૯.૧ ઘટીને રૂ. ૧૩૩૬.૨ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૦૪.૫ અને નીચામાં રૂ. ૯૯૨ રહી, અંતે રૂ. ૧૦૦૧.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૩૧.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૩૧.૫ અને નીચામાં રૂ. ૧૦૨૨ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૫૦ ઘટીને રૂ. ૧૦૨૩.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૫૬૩૦ સોદાઓમાં કુલ રૂ. ૪૦૫૦.૨૧ કરોડ ની કીમતનાં ૮૪૫૪.૯૩૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૮૩૯૩ સોદાઓમાં કુલ રૂ. ૩૧૩૩.૮૦ કરોડ ની કીમતનાં ૬૪૬.૪૬૩ ટન, ક્રૂડ તેલમાં ૩૬૫૬૭ સોદાઓમાં રૂ. ૧૬૯૩.૦૮ કરોડનાં ૫૪૫૫૮૦૦ બેરલ્સ, કોટનમાં ૧૦૧૮ સોદાઓમાં રૂ. ૮૩.૨૦ કરોડનાં ૫૨૦૭૫ ગાંસડી, સીપીઓમાં ૨૫૦૨ સોદાઓમાં રૂ. ૨૪૮.૧૧ કરોડનાં ૩૪૫૫૦ ટન, એલચીમાં ૪ સોદાઓમાં રૂ. ૫.૩૫ લાખનાં ૦.૪ ટન, મેન્થા તેલમાં ૮૧ સોદાઓમાં રૂ. ૮.૯૧ કરોડનાં ૮૮.૫૬ ટન, કપાસમાં ૩૧ સોદાઓમાં રૂ. ૬૫.૫૯ લાખનાં ૧૨૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૬૩૫.૨૩૫ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૧૬.૩૬૫ ટન, ક્રૂડ તેલમાં ૫૮૪૬ બેરલ્સ, કોટનમાં ૧૨૮૬૫૦ ગાંસડી, સીપીઓમાં ૬૨૪૭૦ ટન, એલચીમાં ૧ ટન, મેન્થા તેલમાં ૧૨૮.૫૨ ટન અને કપાસમાં ૨૦૪ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૧૧.૮૦ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૫.૨૫ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૪.૫૦ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૫.૫૦ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૭૦૪ અને નીચામાં રૂ. ૬૨૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૮૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૫ અને નીચામાં રૂ. ૧૩૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૦ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૧૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૫.૫ અને નીચામાં રૂ. ૭૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૯.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૧૧ ખૂલી, ઊપરમાં રૂ. ૩૪૯ અને નીચામાં રૂ. ૨૩૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૧ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૧૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૯૬.૪ ખૂલી, ઊપરમાં રૂ. ૨૩૫.૫ અને નીચામાં રૂ. ૧૮૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩૦.૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૬૩ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૦ અને નીચામાં રૂ. ૧૪૩.૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૬.૨ બંધ રહ્યો હતો.



હારીજ અછાડી બીજ નિમીતે મધૃવન સોસાયટી ખાતે ગોગા મહારાજ હવન યજ્ઞ કરવામાં આવ્યો. હારીજ ખાતે હારીજ મહેસાણા રોડ ખાતે આવેલ મધૃવન સોસાયટીમાં વર્ષો થી સોસાયટીના રહીશો દ્વાર ગોગા મહારાજ મંદિરે અછાડી બીજ ના પવિત્ર દિવસે હવન યજ્ઞ અને ભોજન પ્રસાદ દ્વારા ધામ ધૂમ થી ઉજવવામાં આવતો હતો આ વર્ષ કોરોના મહામારીને કારણે સોશિયલ ડિસ્ટિંગ ધ્યાને રાખી ભોજન પ્રસાદ બંધ રાખી મહાપ્રસાદ ની પ્રસાદી કરી સાદગી પૂર્ણ રીતે ગોગા મહારાજ નો ભૃદેવો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચાર હવન યજ્ઞ કરી અછાડી બીજ નિમીતે ભાવીક ભક્તો રમેશભાઈ ઠાકર શૃરેશભાઇ વ્યાસ પ્રકાશભાઈ દવે ભુપેન્દ્ર ત્રિવેદી રજનીભાઇ પંડ્યા વિગેર સોસાયટીના રહીશોએ સાદગી રીતે ગોગા મહારાજ ના હવન યગ્ન ની ઉજવણી કરી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.ધ્રુવ દવે.સિદ્ધપુર દ્વારા.

## માહિતી અધિકારી ના આરટીઆઈ માં ચૌંકાવનારા ખુલાસા

અમો દીપક પટેલ નવી સિવિલ હોસ્પિટલ સુરતના માહિતી અધિકારી પાસેથી ૧૧/ ૫ ૨૦૨૦ ના રોજ દર્દીઓ અને દર્દીઓની સારવાર કરનાર જીવતાજાગતા ભગવાન સમાન આરોગ્ય કર્મચારીઓની રહેવાની, જમવાની સુવિધા અંગેની તેમજ તેમના કામના સમયે અંગેની માહિતી માંગી હતી,

અમોને સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ પીઆઈઓ ડોક્ટર કેતન નાયક એ માહિતી અધિકારી તરીકે ડોક્ટર કેતન નાયક આર.ટી.આઈ એકટ થી માંગેલ માહિતી ૩૦ દિવસની સમયમર્યાદામાં પહોંચતી કરેલ નથી

જવાબ ૩૦ દિવસ બાદ મળેલ છે

જેથી તમામ માહિતી વિનામૂલ્યે માગવાનો અધિકાર ઊભો છે,

વધુમાં તેમણે જણાવેલ કે કોઈપણ કોર્ટમાં ઉપયોગ કરવો નહી તેવી રિમાર્ક સાથે જવાબ મોકલેલ છે જે ન્યાયી નિયમોચિત નથી

આ જવાબ નો અભ્યાસ કરતા અને ખાનગી સુત્રો દ્વારા તપાસ કરતા જાણવા મળેલ છે

ન્યુ પિજી હોસ્ટેલ માં પ્રતિદિવસ પ્રતિ વ્યક્તિ માત્ર સો રૂપિયા નું જમવાનું આપવામાં આવે છે ,

શું LÞw pg hostel ના ડોક્ટરો ને ફક્ત ૧૫૦ રૂપિયામાં પેટ ભરાઈ જાય ?

અને દુઃખદ વાત એ છે આવુકોય ૧૫૦ રૂપિયા નું ભોજન તેમને ફાળવવામાં આવતું નથી,

દરેક ડોક્ટર પોતાના સ્વખર્ચે ભોજન જમે છે

એ જ રીતે નર્સિંગ હોસ્ટેલ મેષ કોસ્ટિંગ ૧૪૦ રૂપિયા બતાવેલું છે

તેમાં પણ તપાસ કરતાં આ શંકાસ્પદ જણાય છે

હવે આગળ રહી વાત દર્દીઓને દાતા તરફથી વિનામૂલ્યે ફૂડપેકેટ થાળી આપવામાં આવે છે તો આ અંગે સરકાર તરફથી કોઈ પ્રકારનું જમવાનું પૂરું પાડવામાં આવતું નથી તે સાબિત થાય છે

અને સરકારની મોટી મોટી વાતો પોકળ સાબિત થાય છે.

બીજી દુઃખદ વાત એ છે મેરેટ સુરત નામની હોટલમાંથી દરેક દર્દીઓને ભોજન એક સ્વીટ આપવામાં આવે છે પણ ખોટું જણાય છે અને શંકાસ્પદ છે .

કેતન નાયક પોતે જાતે કબૂલ કરે છે જમણવાર અંગે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી. આ અંગે નો ખર્ચ રોગી કલ્યાણ સમિતિ દ્વારા ચૂકવાઈ છે.

આરોગ્ય કર્મચારીઓની કઈ જગ્યાએ રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે જે અંગેની માહિતી છુપાવે છે આ અંગે તેઓના નામ જોગ માહિતી આપી નથી અમોને નાના કર્મચારીઓને સફાઈ કર્મચારીઓને ત્યાં રાખવામાં આવતા નથી ( સતત કામ સેવા બાદ કોરોન્ટાઈન કરે છે કે નહી તે તપાસનો વિષય છે )

એવું પણ જાણવા મળેલ છે રહેવાની વ્યવસ્થા માટે કેટલા રૂપિયાનું બજેટ ફાળવવામાં આવેલ છે એના જવાબ રૂપે કેતન નાયક જણાવે છે રહેવાની વ્યવસ્થા માટે કોઈ બજેટ ફાળવવામાં આવેલ નથી

આ અંગે માહિતી અધિકારી ડોક્ટર કેતન નાયક શ્રી જણાવે છે એમણે જાહેર કરેલી માહિતી કોર્ટ ઉપયોગ માટે

લેવી નહી.

એનો અમો અરજદાર દીપક પટેલ સખત વિરોધ નોંધાવી એ છીએ

આ જનહિતની માહિતી હોય માહિતી મેળવવા અંગે અમો જે પણ કાર્યવાહી કરીશું તેના અંતે અમોને જે નુકસાન થશે એની સંપૂર્ણ જવાબદારી માહિતી અધિકારીની અંગત રહશે

અમો જાગૃત નાગરિક તરીકે આ જવાબથી સંતોષ નથી

સુરતના અને ગુજરાતના જવાબદાર તંત્ર, મંત્ર સરકાર જનહિતની કાળજી રાખે ,,,,,રાખશે કે પછી ?

દિપક પટેલ જનતા દરબાર સંયોજક,,,, શિક્ષક અને આરટીઆઈ કાર્યકર .સુરત

## વંથલી ફોઝદાર નું સસ્પેન્સન રદ કરવા મુસ્લિમ સમાજ ની માંગ : રાજ્ય નાં મુખ્યમંત્રી ને પાઠવ્યું આવેદનપત્ર

( જીજ્ઞેશ પટેલ દ્વારા )

વંથલી પોલીસ મથકે ફરઝ બજાવતા પી એસ આઈ એન.બી.ચૌહાણ ની ફરઝ નિષ્ઠા અને કાર્યદક્ષાતા નાં પગલે ટુંકાગાળા માં લોકપ્રિય બન્યા હતા છેલ્લા એક વર્ષ માં આ અધિકારી ની નિષ્ઠાપૂર્વક ની ફરઝ ને પગલે આ વિસ્તારમાં ક્રાઈમ રેટ ઘટ્યો હતો,અનેક ધાર્મિક તહેવારો શાંતિમય માહોલ માં ઉજવાયા હતા,રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા લોક ડાઉન જાહેર કરાતા સખત પરિશ્રમ અને કુનેહપૂર્વક આ પિરિયડ પણ પસાર કર્યો હતો,જુનાગઢ જિલ્લામાં એકમાત્ર વંથલી શહેર અને તાલુકા માં એક પણ કોરોના કેસ થયો નથી અને આજદિન સુધી વંથલી કોરોના મુક્ત રહ્યું છે તેનો શ્રેય પણ પોલીસ અને આરોગ્ય ટીમ ને જાય છે,કોઈ પણ ભેદભાવ વગર કે રાજકીય



ભલામણ વગર વંથલી પોલીસ મથકે સામાન્ય નાગરિકો નું કામ સરળતાથી થઈ જતું હતું જે પણ નોંધપાત્ર છે

તાજેતરમાં ફાયરિંગ ની ઘટના માં બેદરકારી સબબ જિલ્લા પોલીસ વડા એ વંથલી નાં ફોઝદાર ચૌહાણ ને સસ્પેન્ડ કરી દેવાયા હતા,થાણા અમલદાર અધિકારી નું મોરલ તોડવા સમાન સસ્પેન્સન જેવું પગલું લેવાના બદલે ભૂતકાળમાં આ અમલદાર ની પ્રવૃત્તિઓ અને કાર્ય પધ્ધતિ ધ્યાને લેવી જરૂરી હતી ત્યારે વંથલી મુસ્લિમ સમાજે રાજ્ય નાં મુખ્યમંત્રીશ્રી ને એક આવેદનપત્ર પાઠવી રજુઆત કરતા જણાવ્યું હતું કે માનવીય સહજ ભાવે થયેલ ભુલ ની આવડી મોટી સજા વ્યાજબી નથી કારણ કે આ અધિકારી દ્વારા ભૂતકાળમાં સારી અને સરાહનીય ફરઝ ને પણ ધ્યાને લઈ તાત્કાલિક અસરથી સસ્પેન્સન રદ કરી પુનઃ ફરઝ પર લેવા માંગણી કરી હતી

વંથલી મામલતદાર ને આવેદનપત્રા આપતી વેળાએ વંથલી નાં હિંદુ મુસ્લિમ સમાજ ના અગ્રણીઓ સર્વશ્રી ઈરફાનશાહ સોહરવર્દી,સીરાઝ વાજા,દર્શન ત્રામ્બડિયા, મયુર ટીલવા,બાવામિયા બાપુ મટારી,તોસિફ અઝીઝ,તાજીમ નાગોરી સહિત નાં અગ્રણીઓ હાજર રહ્યા હતા

તસ્વીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર

## માણાવદર ના દગડ ડેમ પાસે મારૂતિ ફ્ન્ટી અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માતમાં ત્રણને ઈજા

માણાવદર થી બે.કી.મી. દૂર દગડ ડેમ પાસે જૂનાગઢ હાઈવે રોડ ઉપર આજે એસ.ટી. બસ તથા મારૂતિ ફ્ન્ટી વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં મારૂતિ ફ્ન્ટી મા બાપોદર ગામના (તા.રાણાવાવ )ના ત્રણ વ્યક્તિઓ બાપોદર ગામે જતા હતા એસ.ટી.બસ બાંટવા થી જૂનાગઢ જઇ રહી હતી ત્યારે ગમેરીતે આ બન્ને વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં મારૂતિ ફ્ન્ટી મા ત્રણ વ્યક્તિ હતા ત્રણેયને ઈજા થઇ હતી તથા ગાડીનો બુકડો બોલી ગયો હતો ઈજાગ્રસ્તો ને માણાવદર હોસ્પિટલ લાવ્યા હતા જેમાં શાન્તીબેન કેશુગીરી મેઘનાથી ઉ.વ. ૪૮ ને ફેકચર હાથમાં શિવાભારતી કાનભારતી ઉ.વ. ૫૫ સામાન્ય ઈજા થય હતી અને કેશુગીરી ભગવાનગીરી ઉ.વ. ૫૦ રહે બાપોદર ને માથા ખંભા મા ઈજા થઇ હતી જેને વધુ સારવાર માટે જૂનાગઢ રીફર કરાયા નું માણાવદર હોસ્પિટલે જણાવ્યું હતુ એસ.ટી.બસમાં કોઇ ને ઈજા થઇ ન હતી . અહેવાલ જીજ્ઞેશ પટેલ માણાવદર

## ફોટો ગેલેરી




CYMK

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક. સાહિત્યિક વિભાગ..

## તંત્રી : આયોજક : પ્રદીપ રાવલ

ગ્રુપ એડમીન
ગ્રુપ સંચાલક શ્રી : જીગ્ના કપુરીયા
નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી
સહ સંચાલક શ્રી : પ્રણવ ઝાંખર, મનીષ વોરા
Contact : ૯૮૨૪૬૫૩૦૭૩
ન્યૂઝ ઓફ ગાંધીનગર

સ્પર્ધા-૭
કહેવત- " વાતનું વતેસર કરવું"
અર્થ:- " રજનું ગજ કરવું "

રમા પરણીને સાસરે આવી. પિયરમાં ઘર સંભાળતી તેજ રીતે સાસરે સંભાળી લીધું. છતાં સાસુ ખુશ નહીં.એક દિવસ રમાથી ચા નો કપ તૂટ્યો તેમાં સાસુએ ઘર માથે લીધું.ખૂબ સંભળાવ્યું,તારા બાપને ત્યાંથી લઈ આવ એવું કહી મોકલી દીધી પિયર.સાંજે દુકાનેથી રમાના સસરા અને પતિ આવ્યા.સસરાએ વાત સાંભળી પત્ની ને કહ્યું ," આટલી નાની વાતમાં અત્યાર સુધી ઘર સાચવ્યું તે ભૂલી ગઈ? પિયર મોકલી "વાતનું વતેસર" કરવાની શું જરૂર હતી?" રમાના સાસુને પોતાની ભૂલ સમજાઈ અને તરતજ બધાં રમાને લેવા એના પિયર ગયાં, માનભેર રમાને લઈ આવ્યા.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.૨૦-૬-૨૦૨૦

---

સ્પર્ધા નંબર:૭
કહેવત
"વાતનું વતેસર કરવું"
અર્થ: રજનું ગજ કરવું.
સમજૂતી: નાની વાતને મોટું સ્વરૂપ આપવું.રાઈનો પહાડ કરવો.

કોઈપણ ઈમારતનું સર્જન કરવામાં કે આબરુ કમાવવા માં ઘણો સમય લાગે છે. પરંતુ તેનો નાશ કરવા માટે થોડોક જ સમય લાગે છે.એવી જ રીતે નાની વાતને મોટું સ્વરૂપ આપવાથી વાતનું વતેસર થઈ જાય છે.આપણે કહેલી નાની અથવા સાવ નજીવી બાબતને બીજાં માણસો પોતાની ટેવ મુજબ મીઠું- મરચું ભભરાવીને જ કહે છે.જેથી દોસ્ત પણ દુશ્મન થઈ જાય છે.ક્યારેક તો વાત કાબૂ બહાર થઈ જાય છે ને મારા-મારી સુધી પહોંચી જાય છે.તેથી હંમેશા શાંતિથી વિચાર કરીને જ કંઈ પણ બોલવું જોઈએ.

આપણી રોજબરોજની જિંદગીમાં પણ આપણે શાંતિપૂર્વક વાત સમજીએ તો રજનું ગજ થતાં અટકી શકે છે ને મનદુઃખ પણ નથી થતું.અમુક સંયુક્ત કુટુંબ વર્ષો સુધી સાથે સંપીને રહેતા હોય છે.જ્યારે અમુક કુટુંબ પરિવારમાં નાની નાની વાતને મોટું સ્વરૂપ અપાતું હોય છે ને પરિણામે પરિવારના સભ્યોમાં મનદુઃખ થાય છે. ક્યારેક શાંત ચિત્તે પરિસ્થિતિનો વિચાર કરીએ ત્યારે પસ્તાવો થાય છે.પરંતુ ત્યારે ન બનવાનું બની ગયું હોય છે. સર્જન પળમાં નથી થતું જ્યારે વિનાશ એક જ ક્ષણમાં થાય છે.તેથી જ આપણે સમજ્યા વિચાર્યા વિનાની વાત કરવી ન જોઈએ. રજનું ગજ ને ગજનું રજ થતાં એક જ ક્ષણ થાય છે. દરેક બાબતમાં યોગ્ય મર્યાદા જાળવવી જોઈએ.

તેથી જ કહે છે ને કે," ચડે પડે જીભ વડે જ માનવી".

ડો. રેખા શાહ

---

સ્પર્ધા: ૭
કહેવત: "વાતનું વતેસર કરવું "
અર્થ: "રજનું ગજ કરવું "

સારદા વરસોથી ભીખી બહેનનાં ઘરે કામ કરતી હતી.
ભીખી બહેનને એક પુત્રી અને એક પુત્ર હતો. મોનિકા સોહમની નાની બહેન હતી. સોહન પ્રેમાળ સ્વભાવનો હતો. સોહનના બાપુ બહુ કડક સ્વભાવના અને ધર્મ ચુસ્ત હતા. સોહન અને બાપુજી વચ્ચે "બારમો ચંદ્રમાં "....
બાપુજી રોજ સોહનને ટોકયા કરે...અડધી બુધ્ધિનો, જળ જેવો, નકામો....એવું બોલી મંદિરે દર્શન કરવા જતાં રહે. સોહન ભણેલો હોવા છતાં તેને જોબ મળતી નહોતી.
સોહન નિરાશ થઇ જતો અને ભાઈબંધ પાસે જઈ બેસતો. મનની શાંતિ માટે....
એક દિવસ બાપુજીએ સોહનને નોકરી શોધવાનું કહ્યું
એટલે સોહન બોલ્યો નોકરીઓ રસ્તામાં પડી છે આમ મળી જશે. રોજ રોજ સંભળાવો છો...
બાપુજીનો પીતો ગયો સોહન પર હાથ ઉગામ્યો.
સોહન ઘર છોડી જતો રહયો.
આવું જોઈ મારાથી રહેવાયું નહી મેં બાપુજીને કહ્યું શું કામ "વાતનું વતેસર કરવું "બાપુજી ?
યુવાન વયે કાંઇક કરી બેસશે તો... દીકરાને ખોઈ બેસશો
હજુ એ બાળક જેવો છે આટલું બધું તમારાથી ના.. બોલાય બાપુજી !
જલ્દી જાવો સોહનને શોધવા આટલામાં જ હશે.
બાપુજી દાડતા ગયા સોહનને શોધવા...
સોહન મળી ગયો. બાપુજી સોહનને ભેટી પડ્યા.
સોહનને નોકરી મળી ગઈ અને સોહન પર બાપુજીનો
પ્રેમ વાત્સલ્ય વધી ગયો. ઘરમાં સુખ શાંતિ ફેલાઈ ગઈ.

ઉર્વશી મહેતા ..અમદાવાદ.

---

સ્પર્ધા નંબર : ૭
કહેવત: " વાતનું વતેસર કરવું"
અર્થ: રજનું ગજ કરવું
વાતનું વતેસર કરવું.

શબ્દાર્થની દ્રષ્ટિએ વાતનું વતેસર કરવું / રજનું ગજ કરવું એટલે નાનકડી બાબતને ખૂબ વધારીને મોટા સ્વરૂપમાં રજુઆત કરવી.
ઉપરોક્ત કહેવતમાં સમાજમાં જોવા મળતી માનવસ્વભાવની એક વિશિષ્ટ ત્રુટીનો ઉલ્લેખ કરાયેલો છે. કેટલાંક માણસોને બીજાની નાનકડી વાત કે દોષને માઇક્રોસ્કોપિક નજરીયાથી જોવાની ટેવ હોય છે. નાની વાતનું મોટુ ચિત્ર દોરી, તેમાં પોતાનાં મનગમતા રંગો પુરી, દુનિયા સમક્ષ કંઇક અલગ જ રજૂઆત થતી હોય છે.
ઉદાહરણ લઈએ તો કોઈની નોકરી કરતી પુત્રવધૂ તેની ઓફિસના કાર્ય અંગે કોઈ સહકર્મચારી સાથે વાત કરતી જોઈ જાય તો આવા માણસો રજનું ગજ કરીને એના ઘરના માણસોનાં મનમાં શંકાના બીજ વાવી દે છે. પરિણામે જ્યાં પવનની લહેરખીની સંભાવના ન હોય ત્યાં ચક્રવાતનું સર્જન થઈ જાય છે. વા વાયોને નળિયું ખસ્યું, તે દેખીને કૂતરું ભસ્યું બહુ થયો ત્યાં શોરબકોર, કોઈ કહે મેં દીઠો ચોર. સમાજમાં કોઈ પણ ' નળિયું ખસ્યું' જેવી રજ સ્વરૂપ વાત/ઘટના 'ચોર આવવા' જેવી મોટી ઘટનામાં કેવી રીતે ફેરવાઈ જાય છે તે આ દોહરામાં આબાદ બતાવ્યું છે.
આજકાલ પત્રકારત્વની દુનિયામાં પણ આ બાબત બહુ જોવાં મળે છે. ' મીંડ્ઢૌહપ્ન હ્રીજ' અને પોતાની ચેનલનો ્ઈઁ વધારવા માટે મૂળ વાત કે સમાચારને જેમની તેમ રજૂ કરવાને બદલે તેનો વણ જોઈતો વિસ્તાર કરીને રજૂ કરવામાં આવે છે. શ્રોતા વર્ગ સતત નકારાત્મક વાતોને ઝીલી ઝીલીને એક પ્રકારનો અવસાદ અનુભવે છે. કોઈ પણ પ્રજાનાં માનસિક સ્વાસ્થ્ય માટે આ બાબત યોગ્ય નથી. કોઈ પણ વાત કે ઘટનાને તેના મૂળ સ્વરૂપમાં રજૂ કરવાની અને તેનો સ્વીકાર કરવાની આદત અપનાવવી જ રહી.

કૌમુદી સોની
સુરત
૨૦/૦૬/૨૦૨૦

---

પત્ની જયારે પોતાની માં બનવાની
ખુશ ખબર આપે, અને તે ખબર સાંભળીને
આંખમાંથી ખુશીના
આશુ ટપ- ટપ પડે ત્યારે....માણસ......,
" પુરુષ માંથી બાપ બને છે ??
નર્સે જયારે વીટ ળાયેલું અમુક પાઉન્ડ નો જીવ
જવાબદારીનું પ્રચંડ ભાર નું ભાન કરાવે
ત્યારે.....,માણસ.....,
" પુરુષ માંથી બાપ બને છે "??
રાત- અડધી રાતે પત્ની સાથે બાળક ના ડાયપર
બદલવા જાગવું, અને બચ્ચા ને કમરમાં તેડીને
ફરાવતા ચુપ કરે ત્યારે..........,માણસ......,
" પુરુષ માંથી બાપ બને છે "??
મિત્રો સાથે સાંજે નાકે મેળાઓ અને પાર્ટીઓ
જયારે નીરસ લાગે,
એજ પગલાં જયારે ઘર તરફ દોટ મુકે
ત્યારે.....માણસ......,
"પુરુષ માંથી બાપ બને છે " ??
" અરે લાઈન કોણ લગાડે " અને હંમેશ સિનેમાની
ટીકીટ ચપટી વગાડીને બ્લેકમાં ખરેદી કરનાર,
એજ વ્યક્તી, બચ્ચાની શાળાના
ફોર્મ માટે વહેલી સવારથી કલાકો
ના કલાકો ઈમાનદારી થી ઉભો
રહેતો ત્યારે ......, માણસ....,
" પુરુષ માંથી બાપ બને છે "??
જેને ઉંઘ માંથી સવારે ઉઠાડતા ઘડિયાળ ના
અલારામ કંટાળતા, એજ આજે નાજુક બબલુના
હાથ
અથવા પગ ઉંઘ માં પોતાના શરીર
નીચે ના આવે માટે વારે ઘડીએ રાતે ઉઠીને જોઇને
સાવધાની થી સુવે ત્યારે......,માણસ...,
" પુરુષ માંથી બાપ બને છે " ??
સાચા જીવનમાં એકજ ઝાપટ માં કોઈને બી ભોય
ભેગો આળોટતો કરનારો,
જયારે બચ્ચા સાથે ખોટી ફાઈટીંગ માં બચ્ચાની
નાજુક ચપાટ ખાઈને
ભોયમાં આળોટવા માંડે ત્યારે......
માણસ........,
" પુરુષ માંથી બાપ બને છે "??
પોતે ભલે ઓછું-વધુ ભણ્યો હશે પણ, ઓફીસેથી
આવીને છોકરા ને
" હોમ વર્ક બરાબર કરજે "
કડકાઈ થી કહે ત્યારે....માણસ......,
" પુરુષ માંથી બાપ બને છે "??
આપણીજ ગઈ કાલની મહેનતના જોર ઉપર આજ
મોજ મજા કરનારો અચાનક છોકરાના આવતીકાલ
માટે આજ કોમ્પ્રો કરવા લાગે ત્યારે......
માણસ......,
" પુરુષ માંથી બાપ બને છે "??
ઓફિસમાં અનેકોના બોસ બનીને
હુકમ છોડવા વાળો, શાળા ના
ૅજી માં વર્ગ શિક્ષક સામે ગભરુ બનીને, કાનમાં
તેલ નાખ્યું હોય તેમ પુરેપુરી INSTRUCTION
સાંભળે ત્યારે.....માણસ......,
" પુરુષ માંથી બાપ બને છે " ??
પોતાના પ્રમોસન કરતા પણ તે શાળાની સાદી
યુનિટ ટેસ્ટના રીઝલ્ટની વધારે કાળજી કરવા
લાગે ત્યારે......માણસ.......,
" પુરુષ માંથી બાપ બને છે "??
પોતાના જન્મદિવસ ના ઉત્સાહ કરતા, છોકરાના
બર્થડે પાર્ટી ની તૈયારીમાં મગ્ન થાય ત્યારે.....
માણસ.......,
" પુરુષ માંથી બાપ બને છે "??
સતત ગાડી ઘોડા માં ફરનારો જયારે છોકરાના
સાયકલની સીટ
પકડીને પાછળ ભાગે ત્યારે......
માણસ......,
" પુરુષ માંથી બાપ બને છે "??
પોતે જોયેલી દુનિયા, અને ઘણી
કરેલી ભૂલો છોકરાઓ ના કરે માટે તેમને પ્રીચિંગ
કરવાની શરૂઆત કરે ત્યારે......માણસ.......,
" પુરુષ માંથી બાપ બને છે ??
છોકરાના કોલેજ ના પ્રવેશ માટે ગમ્મે ત્યાંથી
રૂપિયા લાવી,
અથવા સારી ઓળખાણ કે સામે બે હાથ જોડે
ત્યારે.......માણસ.......,
" પુરુષ માંથી બાપ બને છે ??
"તમારો સમય અલગ હતો,
હવે જમાનો બદલાય ગયો,
તમને કાઈ ખબર નહિ પડે, "
" This is generation gap "
આવું વાક્ય આપણે જ ક્યારેક બોલેલા સંવાદ
આપણને જ સાંભળવા મળે ત્યારે આપણા બાપુજી
ને યાદ કરી, હળવા થઈને
મનમાં ને મનમાં માફી માંગીયે
ત્યારે.....માણસ........,
" પુરુષ માંથી બાપ બને છે "??
છોકરો પરદેશ જાશે, છોકરી લગ્ન
કરીને પારકે ઘરે જશે, તેની ખબર
છે, તો પણ તેમની માટે પોતેજ સતત પ્રયત્ન કરે
ત્યારે....માણસ......,
" પુરુષ માંથી બાપ બને છે " ??
છોકરાવો ને મોટા કરતા- કરતા આપને ક્યારે
વૃધ્ધ થઇ ગયા એ
પણ ધ્યાન માં નથી આવતું,
અને જયારે ધ્યાન માં આવે ત્યારે તેનો કોઈ ઉપયોગ
નથી હોતો ત્યારે......,માણસ.......,
" પુરુષ માંથી બાપ બને છે.....

Dedicate to all Fathers
Happy Father's day

---

પપ્પાપ
બહુ જલ્દીથી સમજાતા નથી
એટલે એમને સમજવામાં બહુ ઉતાવળ કરવી નહીં
'હું નહીં હોઉં ત્યારે મારી કિંમત સમજાશે'
પપ્પા આવું કહે-ત્યારે બિલકુલ સાચું કહેતા હોય છે. પપ્પાનાં ચશ્મા આપણાં કરતા વધારે અનુભવી હોય છે એને ખાડાં-ખાબોચિયાં વધારે જલ્દી દેખાઇ જતા હોય છે એ ક્યારેય શબ્દોથી વ્યક્ત નથી થતા એમની તકલીફો વિશે ખૂલીને કહેતા નથી સાલું, આપણી જેમ એ ક્યારેય રડતાં પણ નથી પાણી આપ, પેપર ક્યાં છે, મારો રૂમાલ નથી મળતો આવી બૂમાબૂમ કરતાં આ માણસનો અવાજ એ ધુમાડો થઇ જાય છેપક પછી આપણાં સુધી પહોંચે છે
રોજ થોડાં-થોડાં ખર્ચાયેલા લોનનાં હપ્તાંઓ વચ્ચે વહેંચાયેલા પપ્પાને આઇ લવ યુપઆઇ નીડ યુપ ન કહ્યું હોય તો કહી દેજો કારણ કે ફ્રેમ થઇ ગયા પછી પપ્પા આળસુ થઇ જતા હોય છે તસ્વીરમાંથી હાથ બહાર કાઢી માથે મૂકવા જેટલી તસ્દી પણ એ લઇ શકતા નથી !

Happy Father's Day Neha Pandya

---

તા. :- ૨૧-૬-૨૦૨૦...શિર્ષક :- પપ્પાને પત્ર
પ્રિય પપ્પા,
રોજ તમારા વગર ચાલવાની કોશિશ તો કરું છું, પણ,જ્યારે ઠેસ વાગે છે ત્યારે તમારો જ હાથ શોધું છું. લવ યુ પપ્પા.
"હિરછાંય"
છાયા શાહ.. મુંબઈ.

---

News of ગાંધીનગર દૈનિક દ્વારા સાહિત્ય વિભાગ મા ગદ્ય પદ્ય એકાંકી કહેવતો સુભાષિતો ચિત્ર પરથી લેખ તેમજ બાળ સ્પર્ધા દર અઠવાડિયે યોજવામાં આવે છે જેના પરિણામ નિર્ણાયક શ્રી સોમ થી શનિવાર અભ્યાસ કરી સંચાલક દ્વારા પરિણામ જાહેર થાય છે અને રવિવારે ઈ સર્ટિફિકેટ વોટ્સ અપ ગ્રુપ મા મોકલવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૦૨૦ થી શરૂ થયેલ આં સાહિત્યિક વિભાગ મા અત્યારે ૧૦૦ થી વધુ લોકો જોડાઇ ચૂક્યા છે અને કાયદેસર મેમ્બર્સ પણ બની ચૂક્યા છે. ૩૦ જૂન સુધી માત્ર ૨૦૦ રૂપિયામાં ૩૧/૧૨/૨૦૨૧ સુધી મેમ્બરશીપ રાખવામા આવેલ છે. જૂન પછી આં મેમ્બર શીપ ના રું.૫૦૦ ચાર્જ કરવામાં આવશે.જેમાં આઈકાર્ડ ઘરે મોકલી આપવામાં આવશે..કોઈપણ વોટ્સ અપ સ્પર્ધા મા ભાગ લઈ શકાશે અને ગ્રુપ ના કોઈપણ કાર્યક્રમ મા ફ્રી એન્ટ્રી પાસ તરીકે ઉપયોગ કરી શકાશે....
આયોજક : પ્રદીપ રાવલ

# ખમીરવંતી પ્રજા નો ખમીર વંતો નાદ:પ્રજા શક્તિ મોરચો

છેલ્લા ૨૫ વર્ષ નો ગુજરાત નો રાજકીય ઇતિહાસ કહે છે કે સતાધારી અને વિપક્ષ બંને એ રાજકીય કાર્યકર્તાઓ અને પ્રજા માટે જીવન બહુમૂલ્ય વર્ષો ખર્ચી નાખનાર નેતા ઓ નો ઉપયોગ યુઝ એન્ડ થ્રોની નીતિ થી કર્યો છે. આપણી આસપાસ નજર કરીશું તો આવા કંઇક નામી અનામી વ્યક્તિત્વો રાજકીય સુઝ હોવા છતાં ગુમનામી ની ચાદર ઓઢીને ઘર ના ઉંબરા ન ઓળંગતા જોવા મળશે. બની શકે કે એમનામાં નાં ઘણા સારા લોકપ્રતિનિધિ રહી શક્યા હોત. પરંતુ સ્વમાન ને ભોગે એ નિષ્ક્રિય રેહવાં નું પસંદ કરનાર હતા. હા ઘણાં ને રાજકીય વિચારધારા એ પણ બાજુ માં ધકેલ્યા એ બધા જાહેર જીવન ની મૂડી છે. આવા સમયે કે જ્યારે સત્તા નો ધ્યેય ભૂલાય રહ્યો છે , પોતાના અંગત સ્વાર્થ એ વિપક્ષ ના અવાજ ને બોદો બનાવી દીધો છે, આ બધા માં વહીવટી અમલદારો જે તે બિઝનેસ હાઉસ ના એજન્ટો બની પ્રજા ને મૂંગા ઢોર ની જેમ દોહી રહ્યા છે ત્યારે , બધું આપણી સામે હોય તો પણ આ તો ના જ ચાલે એ સંકલ્પ સાથે પરિસ્થિતિ ને બદલવા ગુજરાત ના રાજકારણ ના ભીષ્મ પિતામહ જ્યારે ફરી કુરુક્ષેત્ર માં ઉતારવા અને એ પણ પાંચ નહીં પણ ૧૦૫ (કૌરવ પાંડવ બંને) માટે ત્યારે ગુજરાત ના ભવિષ્ય ની ચિંતા કરનાર દરેક યુવા ભાઈ બહેન, વેપારી, વિદ્યાર્થી , વાલી કે વિચારક તમામ ને અમે પ્રજા શક્તિ મોરચા માં જોડાવવા આમાંત્રીએ છીએ.
આપ જાહેર જીવન માં ક્યારેય પણ સક્રિય હતા તો આપના વિચારો,અનુભવ અને સક્રિયતા ની ગુજરાત ની અસ્મિતા ને પુનર્જીવિત કરવા ફરી જરૂર છે. માતૃભૂમિ જન્મભૂમિ પોતાની ઓળખ ગુમાવી રહી છે એનો આર્તનાદ સાંભળી આપણે હાક નહિ મારીએ તો આવનાર સમય ના ગુન્હેગાર ગણાઈશું અને સૌ ના સહિયારા પ્રયત્ને સિંહાસન બદલીશું તો આપણા સ્વપ્ર ના ગુજરાત નું નિર્માણ કરીશું ......માટે પરિણામ ને નિયતિ ના ખોળે છોડી ચાલો પ્રયત્નો નાં બીજ નું વાવેતર કરીએ......કદાચ ગુજરાત ની અસ્મિતા ની કુંપણો આપણા હાથે જ ફુંટતી જોઈએ જય જય ગરવી ગુજરાત.... જ્યાં રાજા લડાયક હોય ત્યાં પ્રજા ખમીરવંતી જ હોય....
કલ્પેશ જાની.અમદાવાદ

## સૂફી સંત હઝરત ખ્વાજા વિરૂદ્ધ ટીપણી બદલ હિન્દી ન્યૂઝ ૧૮ ચેનલ સામે માણાવદર મુસ્લિમ સમાજે રોષ પ્રગટ કરી પગલાં ભરવા માગણી કરી

ગત ૧૫ જૂને હિન્દી ન્યૂઝ ચેનલ ૧૮ માં આરપાર ડિબેટમાં ચેનલ ના એન્કર અમીષ દેવગને મુસ્લિમ સમાજના પીર ગણાતા એવા સૂફી સંત હઝરત ખ્વાજા મોઇનુદ્દીન ચિસ્તી વિશે અયોગ્ય ટીપણી કરતા માણાવદર તાલુકા મુસ્લિમ સમાજમાં રોષની લાગણી પ્રગટી છે . આજરોજ મુસ્લિમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલ, કતકપરા ના સરપંચ હાસમભાઇ સેતા , બહાદુરભાઈ દલ ,અનુભાઇ ડીશવાળા , અબ્દુલભાઈ પરમાર, અજીતભાઈ સમા, નિશારભાઇ ઠેબા વગેરે એ માણાવદર મામલતદાર તથા પીએસઆઇ ને એક આવેદનપત્ર આપી આ ધટનાને વખોડી ચેનલના માલિક તથા એન્કર અમીષ દેવગન સામે ત્વરિત પગલાં ભરવા માગણી કરી છે.

આ આવેદનપત્ર માં જણાવ્યું છે કે ૧૫ મી જૂને સાંજના ૭/૩૦ કલાકે પ્રસારીત થયેલા એક કાર્યક્રમમાં ચેનલ ના એન્કર અમીષ દેવગને સૂફી સંત હઝરત ખ્વાજા મોઇનુદ્દીન ચિસ્તી વિશે અભદ્ર શબ્દોમાં ટિપણી સૂફી સંત ને ઉતારી પાડવામાં આવ્યા છે આને કારણે ભારતભરમાં વસતા લાખો મુસ્લિમોની લાગણી દુભાઈ છે. અત્રે યાદ રહે કે સૂફી સંત હઝરત ખ્વાજા મોઇનુદ્દીનને હિન્દ વલી નું બિરૂદ મળેલ છે અને હિન્દુ તથા મુસ્લિમ સમાજમાં આ સંતની માનતાઓ ચાલે છે ગરીબે નવાઝ તરીકે ઓળખાતા આ સૂફી સંત ની મજાર રાજસ્થાન ના અજમેર માં આવેલ છે ને તેની માનતાઓ ચાલી રહી છે મુસ્લિમ સમાજે અમીષ દેવગન તથા તેને પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરનારાઓ સામે પણ પગલાં લેવા માગણી કરી છે

તસ્વીર - અહેવાલ : જીજ્ઞેશ પટેલ માણાવદર

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓમાં રથયાત્રાના પાવન પર્વે રામદેવ મંદિરો સહિતના દેવ મંદિરોમાં ભાવિકોએ દર્શન કર્યા



મોટી ઈસરોલ, તા.૨૩

આજે અષાઢીબીજનું રથયાત્રાનું પાવન પર્વ પોતાના નજીકના દેવિદેવતાઓના મંદિરોમાં જઈને સોશિયલ ડિસ્ટ્રેનસિંગ જાળવીને ભક્તોએ ઉજવ્યું હતું.ભલે રથયાત્રામાં જઈને આ વર્ષે ભગવાનના દર્શન કરવાનું સદભાગ્ય નથી સાંપડ્યું પણ

મંદિરોમાં જઈને ભગવાનના દર્શન,પૂજા-અર્ચના કરીને સપરિવાર લોકોએ રથયાત્રાનું પર્વ ઉત્સાહ ઉમંગભેર ઉજવ્યું હતું.

રથયાત્રા અષાઢી બીજે આવે અને બીજનો દિવસ દ્વારિકાધીશના અવતાર ભગવાન રામદેવજીના ભક્તો માટે મોટો મહિમા ધરાવતો ઉમંગ ઉત્સાહનો દિવસ છે ત્યારે બાર બીજના ધણી ..

કળિયુગના હાજરાહજૂર ભગવાન રામદેવજીની બીજ હોઈ શ્રદ્ધાળુઓમાં ઉમંગ અને અલૌકિક ખુશીનો માહોલ જોવા મળતો હતો.આમેય કમનસીબે કોરાનાએ ત્રણ ત્રણ મહિનાથી દેવ મંદિરો લોકડાઉનમાં બંધ રહેતા ત્રણ માસ પછી આજે બીજના દિને મંદિરો ખુલ્લાં હોઈ દૂર દૂરથી આજે ભાવિકો મોડાસાના મહાદેવગ્રામ પાસે પ્રાચિન રાજપૂર રામદેવજી મંદિરે દર્શને ઉમટી પડ્યા હતા અને સોશિયલ ડિસ્ટ્રેનસિંગ જાળવ્યું હતું.જય રણુજાપતિ દીનદયાળ પળપળ ક્ષણ ક્ષણ લે સંભાળ..

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓમાં રથયાત્રાના પાવન પર્વે રામદેવ મંદિરો સહિતના દેવ મંદિરોમાં ભાવિકોએ દર્શન કર્યા હતા અને ધન્યતા અનુભવી હતી .

# બાયડ પોલિસની દબંગાઈ : વેપારીને માસ્ક ન પહેરવાના દંડ પેટે સિક્કા આપતા પોલીસે વેપારીને ફટકાર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા સહીત બાયડ શહેરમાં કોરોના વાયરસનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે બાયડમાં મોટા ભાગના વેપારીઓ અને લોકો માસ્ક પહેરતા નથી સોશ્યલ ડીસ્ટન્સન પણ અભાવ જોવા મળી રહ્યો છે કોરોના સંક્રમણ અટકાવવા સરકારે જાહેર સ્થળો પર માસ્ક પહેરવાનું અને ધંધા-રોજગારના સ્થળે સોશ્યલ ડિસ્ટન્સ ફરજીયાત કર્યું છે માસ્ક ન પહેરતા લોકોને ૨૦૦ રૂપિયા દંડ ફટકારવામાં આવે છે. આ માટે પોલીસને પણ દંડ ફટકારવાની સત્તા આપવામાં આવતા અનેક જગ્યાએ પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણના બનાવો બની રહ્યા છે ત્યારે બાયડ શહેરમાં દૂધની ડેરી ધરાવતા વેપારીને પીસીઆર વાન લઈ પહોંચેલી પોલીસે માસ્ક ન પહેરવા અંગે ૨૦૦ રૂપિયાનો દંડ ફટકારતાં વેપારીએ દંડ પેટે રૂ.૧૦ અને ૫ ના સિક્કા આપતાં પોલીસકર્મીઓનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો અને સીક્કા લેવાનો ઈન્કાર કરી ખાખી વર્દી ગુંડાગર્દી પર ઉતરી આવી વેપારીને ભરબજારમાં ફટકારતા સનસનાટી મચી ગઈ હતી સમગ્ર ઘટના સીસીટીવી કેમેરા કેદ થઈ હતી વેપારીઓમાં પોલીસની દબંગઈ સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો ભોગ બનનાર વેપારીએ લુખ્ખાગીરી કરનાર પોલીસકર્મીઓ ને સસ્પેન્ડ કરવામાં નહીં આવેતો પોલીસ સ્ટેશનમમાં આત્મહત્યા કરવાની ચીમક ઉચ્ચારાતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે

બાયડ પોલીસ સ્ટેશનની પીસીઆર વાન માસ્ક પહેરવાની અમલવારી અને દંડ ફટકારવાની કામગીરી હાથધરી હતી બાયડ શહેરમાં દૂધની ડેરી ધરાવતા દશરથ ભાઈ પંડિત તેમની ડેરી પર રાબેતા મુજબ કામકાજ કરી રહ્યા હતા ત્યારે પીસીઆર વાન તેમની ડેરી આગળ પહોંચતા દશરથ ભાઈએ માસ્ક પહેર્યું ન હોવાથી ૨૦૦ રૂપિયા દંડ ફટકારતા વેપારીએ કીડીઓ કરડી હોવાથી માસ્ક હાલ જ કાઢ્યું હોવાની દલીલ કરી હતી ત્યાર બાદ દંડની રકમ પેટે વેપારીએ રૂ.૫ અને ૧૦ ના સિક્કા આપતા

પોલીસે પિત્તો ગુમાવ્યો હતો અને વેપારીને ફટકાર્યો હતો. હવે આ મામલે વેપારીએ પોતાની દુકાનના સીસીટીવી તપાસીને પોલીસ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

બાયડમાં દૂધની ડેરી ધરાવતા અને પોલીસકર્મીઓની દબંગઈનો ભોગ બનેલા દશરથભાઈ પંડિતના જણાવ્યા અનુસાર મારી દુકાન સામે પોલીસની ગાડી ઊભી રહી હતી. મને ત્યાં બોલાવીને માસ્ક ન પહેરવાનું કારણ પૂછ્યું હતું. મને કીડીઓ કરડી હોવાથી માસ્ક પહેર્યું ન હતું અને દંડ ભરવાની આનાકાની કર્યા બાદ મેં દંડ ભરવાની હા પાડી હતી. જે બાદમાં મેં દંડ તરીકે રૂ .૧૦ના સિક્કા આપતાં પીસીઆર વાનમાં રહેલા પોલીસકર્મીઓએ દંડની રકમ સ્વીકારવાના બદલે અચાનક મને માર માર્યો હતો. આ ઘટના મારી દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ છે.

### શિક્ષણમાં સરકારી વહીવટી તંત્ર નહી પણ શિક્ષક સંઘનું તંત્ર છે ?

# કપરાડાના મોટામોઢા કેંદ્ર શાળાનો વહીવટી ચાર્જ આચાર્યને ના મળતા કરવામાં આવી ફરિયાદ

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના અને તાલુકાના સંઘના હોદેદારો ખુલ્લી ધમકીઓ દાદાગીરી વર્ષોથી ચાલી આવેલી છે. જેનું આ એક ઉત્તમ ઉદાહરણ મોટપોઢાની પકેન્દ્ર શાળાની ઘટના છે.શિક્ષણ વિભાગમાં પણ આવી બેદરકારી એ કેટલા અંશે યોગ્ય કહેવાય. સ્કૂલમાં વહીવટી તંત્ર માટે ૫ મહિના સુધી ચાર્જ આપવામાં આવ્યો નથી. વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી અજાણ છે ? લેખિત માં ફરિયાદ આપવામાં આવી છે તો શિક્ષણ અધિકારીને કોની શરમ આવે છે.ગામના સરપંચ કે અગ્રણીઓ કેમ ચૂપ છે.

તા-૨૦/૦૩/૨૦૨૦માં અરજી રજી.એ.ડી,કરી જાણ કરેલ તે અનુસંધાને પ્રદીપભાઇ શંકરભાઈ પટેલ કોઠાર કેંદ્ર શાળામાંથી વધ થતા તારીખ -૦૨/૦૧/૨૦૨૦ના HTAT વધ ઘટ કેમ્પમાં મોટાપોઢા કેંદ્ર શાળામાં હાજર થવા માટે હુકમ તારીખ ૦૩/૦૧/૨૦૨૦ ના રોજ શાળા સમય દરમિયાન મોટાપોઢા કેંદ્ર શાળા ખાતે હાજર થયેલ છે પરંતુ આજદિન સુધી શાળાનો સંપૂર્ણ ચાર્જ આપવામાં આવેલ નથી તેમજ શાળાનો ઓનલાઇન કામગીરીના પાસવર્ડ આપવામાં આવેલ નથી

શાળાની વહીવટી કામગીરી અને ઓનલાઇન કામગીરી પાસવર્ડ વગર શક્ય નથી ,જે માટે અગાઉ અનેક રજૂઆતો કરવામાં હતી પરંતુ કોઈ ઉકેલ લાવવામાં શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી નથી .જે અંગે ત્રીજી વખત લેખિત જાણ કરી છે. સંઘના હોદ્દેદારો ની ટીમ કેમ ભેદભાવની નિતિ અપનાવી રહી છે. ચાર્જ ના આપવામાં આવે કયું કારણ છે. હાલમાં જે આચાર્ય છે એ કદાચ શિક્ષક સંઘ માટે કમાવ દીકરો હોઈ શકે ?

કપરાડા તાલુકાના શિક્ષણ વિભાગ અનેક વર્ષોથી શિક્ષકો કામો છે કામના લાખ્ખો રૂપિયા ઉઘરાણી કરવામાં આવી છે છતાં પણ જે વહીવટી કામગીરી કેમ કરવામાં આવી નથી

હાલમાં મોટા પોઢા પ્રાથમિક શાળાના શિક્ષક પ્રદિપભાઇ શંકરભાઇ પટેલ દ્વારા હાલ લોકડાઉન ચાલતું હોય રૂબરૂ કે પોસ્ટ મારફત અરજી મોકલાવી શકાય તેમ નથી. વોટ્સેપ અરજી વહીવટી તંત્રને મોકલી આપી છે.

વલસાડ જિલ્લાના સંઘના પ્રમુખ ગોકુળ પટેલ દ્વારા અનેક પ્રકારની ધમકીઓ દાબ દબાણ આપવામાં આવે છે બદલી કરી ગમે ત્યાં જવાનું જણાવ્યું છે ધમકીઓ ઓડોયો પણ રેર્કોડિંગ કરવામાં આવિયા હોવાનું જાણવા મળ્યુ છે

તાલુકા શિક્ષક સંઘને આજદિન સુધી જાણ કરવામાં આવી નથી માહિતી માટે કચેરી નો સંપર્ક કરવો લેખિત ફરિયાદ આપવામાં આવેલ છે પણ હજુ સુધી સત્તાવાર માહિતી નથી : પ્રમુખ શિક્ષક સંઘ કપરાડા આયતુલભાઈ કુંકણા

મોટાપોઢા કેન્દ્ર શાળા આચાર્ય નો ચાર્જ બાબતે જિલ્લામાં પ્રદીપભાઈ પટેલ દ્વારા લેખિત માં ફરિયાદ કરવામાં આવી છે જે પણ નિર્ણય તપાસ જિલ્લામાં માંથી લેવામાં આવશે : ટી. પી. ધનસુખભાઈ પટેલ

# પિતાની પ્રથમ પુણ્ય તિથિએ પરિવાર દ્વારા પ્રાથમિક શાળા રાનપાડાને પ્રાથના ખંડનુ લોકાર્પણ



સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના રાનપાડા ગામે સ્વ.મોતીભાઈ પટેલના ઓએ રાનપાડા પ્રાથમિક શાળા માટે કરેલ ભુમિદાન ઉપર નિર્માણ થયેલ શાળા કેમ્પસમાં સ્વ.શંકરભાઈ મોતીભાઈ પટેલ ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમના ધર્મપત્ની ગં.સ્વ.રૂશનબેન શંકરભાઈ પટેલ તથા ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ ના સહયોગથી સંપૂર્ણ સુવિધા યુક્ત પ્રાર્થનાખંડ ના થયેલ નિર્માણનુ લોકાર્પણ કરવામાં આવેલ,આ પ્રસંગે પુર્વ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી,નગર પાલિકા પ્રમુખ જયદિપસિહ સોલંકી, એ પી એમ સી ચેરમેન જીવાભાઈ આહિર,જિ.ભા.જ.પા મહામંત્રી વિજયભાઈ પટેલ તથા અનેક અગ્રણી મહાનુભાવો હાજર રહ્યા હતા,આ લોકાર્પણ કાર્યક્રમ હાલના કોવિડ-૧૯ મહામારી રોગને લક્ષમા રાખી મર્યાદિત આમંત્રિતોને માસ્ક વિતરણ તથા હેન્ડ સેનેટર અને સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથેનુ આયોજન કરવામાં આવેલ તેમજ આજના વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગા કાર્યક્રમ, શહિદોને શ્રધ્ધાંજલી અર્પણ સાથે આજરોજ સ્વ.શંકરભાઈ પટેલની પ્રથમ પુણ્યતિથિ હોય તે નિમિત્તે મૌન રાખી કાર્યક્રમની શરૂઆત થયેલ,બાદ શાળાની બાળાઓઓ દ્વારા સ્વાગત કાર્યક્રમ અને દિપ પ્રાગટય, તક્તિ અનાવરણ, ઉપસ્થિત મહાનુભાવોનુ તથા મુખ્ય દાતાઓનુ સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ અને ઉપસ્થિત રહેલ વક્તાઓએ પ્રસંગોપાત પ્રવચન કરી દાતાઓએ કરેલ ભૂમિદાન અને આધુનિક પ્રાર્થના હોલના અનુદાનને બિરદાવી શિક્ષણ માટેના પ્રોત્સાહન કાર્ય માટે ખુબ ખુબ આભાર વ્યક્ત કરી પ્રશંસાઓ કરવામાં આવેલ,ઉપસ્થિત ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ જણાવ્યું કે સ્વ.મોતીભાઈ પટેલનાએ કરેલ ભુમિદાન બાદ સ્વ.શંકરભાઈ પટેલના ઓની સ્મૃતિમાં નિર્માણ કરેલ પ્રાર્થના ખંડ જેવા કાર્ય માટે સ્વર્ગસ્થ પરિવાર જનોએ પણ સ્વર્ગસ્થોને દાન પુણ્યથી રાખેલ જીવંત અને પુણ્યશાળી કામગીરીને ખુબ ખૂબ બિરદાવી ગામ અને સમાજ માટે દાખલા રૂપ કામગીરી ગણી પ્રસંશાઓ કરેલ, વિશેષમાં પ્રાથમિક શાળામાં આજદિન સુધીમાં આચાર્ય તરીકે સેવાકાર્ય આપેલ શિક્ષકોના શાળા વર્ગખંડોને નામાંકન કરવામાં આવેલ તેમજ મુખ્ય દાતાઓ અને ગામમાં શિક્ષણ મેળવી વિવિધ પદો ઉપર સરકારી નોકરી મેળવેલ એવા શાળાના ભૂતપૂર્વ વિધ્યાર્થીઓ દ્વારા ગામના બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી ગામનુ નામ રોશન કરે તેવા હેતુસર સ્ટુડન્ટસ કેરફંડ ઉભુ કરી અંગ્રેજી તથા મુખ્ય વિષયોના ટ્યુશન ક્લાસીસ શરુ કરવાની પ્રસ્તાવના મુકવામાં આવેલ જે પ્રસ્તાવનાને ગ્રામજનોએ હર્ષભેરથી આવકારેલ,આ કાર્યક્રમ માટે નિવૃત મુખ્ય શિક્ષક બળવંતસિહ રાઠોડ તથા શાળાના તમામ શિક્ષક ગણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા તન મનથી તનતોડ મહેનત કરી સહયોગ હતો,કાર્યક્રમ અંતે દાતાઓ દ્વારા સુરુચી ભોજન વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવેલ હતુ.

# ખેડબ્રહ્મા આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ ,અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો





(કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા )

ચીનની વિશ્વાસઘાતી અને વિસ્તારવાદી નીતિઓ સામે સરકાર અને હિન્દુ રાષ્ટ્ર લડવા તૈયાર છે

ખેડબ્રહ્મા તાલુકાના આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા આજરોજ વીર જવાનોને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં લદ્દાખ ક્ષેત્રના ગલવાન સરહદી વિસ્તારમાં રાત્રિના સમય ચીનના ગદ્દાર લોકોએ કરેલા ઘાતકી કાયરો ના હુમલાથી ૨૦ જેટલા ભારતીયવીર જવાનો વીરગતિને પામ્યા હતા ભારતની માનવતાવાદી ઉદારવાદી અને અહિંસાવાદી નીતિના કારણે નેપાળ,ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા ભારતની ઉદાસીનતા અને અહિંસા ને સમજવાની જગ્યાએ કાયર સમજી ભૂલ કરી બેઠા છે અને આપણા ભારત દેશની ચારે દિશાથી બચકા ભરવાનું કામ કરી રહ્યા છે, આજે ભારત દેશ ના સંગીન પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે એકસાથે સીમાપારના દુશ્મન સાથે અને ગદ્દારો સાથે સંઘર્ષ કરી રહ્યો છે ત્યારે ઉપરાંત ભારતમાં રહેતા કેટલાક ગદ્દારો અને ઝેરી સાપોલિયા આ રાષ્ટ્ર અને ડંખ મારવા અને સંસ્કૃતિની ખંડિત કરવા બેઠેલા છે, ત્યારેઆજે તમામ રાષ્ટ્રવાદી જનતાને તમામ મતભેદ મનભેદ દાખલા દલીલ કે વાડાઓ થી બહાર આવી તર્ક -વિતર્ક મૂકી એક વખતે સરકાર તથા વાચકને પડખે ઉભો રહેવાનો સમય છે ત્યારે, નવલોહિયા જવાનોએ આપણી સરહદનું રક્ષણ કરી અને વીરગતિ પામ્યા છે ત્યારે આપણે સૌ સાથે મળી શપથ લઈએ કે આપણે ચીનથી આવતી તમામ વસ્તુઓનો બહિષ્કાર કરીશું અને રાષ્ટ્રના હિત માટે સ્વદેશી અપનાવીશું આવું આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળના કાર્યકરોએ આહ્વાન કર્યું હતું, સાથે સાથે શપથ લીધા હતા કે અમો હવે ક્યારેય ચીની વસ્તુઓને વાપરીશું નહીં,, સમગ્ર કાર્યક્રમમાં બહુ મોટી સંખ્યામાં હિન્દુ યુવાનો ઉમટી પડ્યા હતા

અને તિરંગા સાથે શહીદ જવાનોના ફોટા રાખી પુષ્પગુચ્છ અને અબીલ ગુલાલ થી શ્રદ્ધાંજલિ આપી ને કાર્યક્રમ પૂર્ણ થયો હતો

### બનાસકાંઠામાં

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા દ્વારા ભૂદેવો ના આરોગ્ય માટે બ્રહ્મહેલ્થ નું વિતરણ કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષા દ્વારા ભુદેવો ના આરોગ્ય માટે હેલ્થ કાર્ડ યોજના અમલ માં મુકી છે ડીસા ખાતે માનનીય ધારાસભ્ય શ્રી શશીકાંત ભાઈ પંડ્યા ના વરદ હસ્તે ડીસા ના ભુદેવો ને હેલ્થ કાર્ડ વિતરણ કરવામાં આવ્યા. ડીસા ની ટીમ દ્વારા ધારાસભ્ય શ્રી ને ભગવાન પરશુરામ નો ફોટો આપી શાલ ઓઢાડી ને સ્વાગત કરવામાં આવ્યું. માનનીય ધારાસભ્ય શ્રી એ તેમના પ્રવચન માં રાજ્ય કક્ષા ધ્વારા હેલ્થ કાર્ડ યોજના ને અત્યાર ના સમયમા ખૂબ જ જરૂરી ગણાવી .બ્રહ્મ સમાજે ભુદેવો ની ચિંતા કરી આ યોજના અમલ માં મુકી છે ત્યારે આયોજકો નો પણ આભાર માન્યો.

સતત કાર્યશીલ ધારાસભ્ય શ્રી હેલ્થ કાર્ડ વિતરણ માં હાજર રહ્યા તે માટે આયોજકો એ તેમનો આભાર માન્યો.આ કાર્યક્રમ માં પ્રદેશ,જિલ્લા ના હોદેદારો શ્રી ભરત વ્યાસ.. નમ્રતાબેન જોશી, કિરણભાઈ જોષી, જયેશભાઈ દવે,અતુલભાઈ ચોક્સી, વસંતભાઈ દવે,ધવલભાઇ જોષી,ગીતેશ ભાઈ હાજર રહ્યાં. ડીસા ની ટીમમા રાજેન્દ્ર યાજ્ઞિક શ્રી અને શિલ્પા બેને આ કાર્યક્રમ નું સફળ આયોજન કર્યું.

# દક્ષિણ ગુજરાતના આદિવાસી ક્ષેત્રમાં વાવેતર નિષ્ફળ જવાની શક્યતા

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડના ધરમપુર તથા કપરાડા તાલુકો ભૌગોલિક દષ્ટિએ ડુંગરાળ હોવાથી સિંચાઈ પાણીની અછત હોય ફક્ત ચોમાસા આધારિત એક મોસમી પાક ઉપર નિર્ભર રહી આખુ વર્ષ જીવન નિર્વાહ ચવાવે છે હાલમાં વરસાદ ખેચાતા મોઘાદાટ બીયારણથી કરેલ ડાંગરની વાવણી નિષ્ફળ થતા ખેડૂતો કફોડી સ્થિતિ સાથે ચિતાતૂર હાલતમાં છે.વરસાદ ખેંચાતા સ્થિતિ ગંભીર, દક્ષિણ ગુજરાતના પૂર્વપટ્ટી કપરાડા ધરમપુર વાંસદા ડાંગ વિસ્તારમાં વાવેતર નિષ્ફળ જવાની શક્યતા

વલસાડ જિલ્લામાં વરસાદ ચોમાસાની શરૂઆતમાં સારો પડ્યો છે. કેટલાક વિસ્તારોમાં વરસાદ ખેંચાતા પાકને ભારે નુકસાન થવાની સંભાવના છે. જેના કારણે ખેડૂતોને વાવણી કરવામાં આવેલ વાવેતરમાં નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. વાવણી થઈ હતી તેમાંથી ૪૦ ટકા વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. ગુજરાતમાં અત્યાર સુધી વરસાદ પડ્યો છે નહિવત ત્યારે ખેડૂતોએ વાવણી કરેલ પાક નાશ પામવાની ભીતિ છે. ખેડૂતોએ જમીનમાં વાવણી કરવા માટે મજૂરો અને ખેડ બિયારણ પાછળ ખર્ચ કર્યો છે.

જિલ્લાના ખેડૂતો એ કહ્યું કે, "જે ખેડૂતોએ વહેલું વાવેતર કર્યું હતું હવે તેમને પાક નિષ્ફળ જવાનો ભય છે. જો હજુ વરસાદ ખેંચાશે તો નવો વાવેલો પાક પણ નિષ્ફળ જઈ શકે છે."

ધગડમાળના ખેડૂત શરદભાઈ ગાંગોડાએ જણાવ્યું કે "જે ખેડૂતોએ સમયસર એટલે કે જૂન મહિનાના મધ્યમાં વાવેતર કર્યું હતું તેમનો પાક પણ નિષ્ફળ ગયો છે. ખેડૂતોના ખેતર અને પાકને હવે પાણીની જરૂર છે. જિલ્લાનો લભગભ ૫૦ ટકા પાક નાશ પામ્યો છે અથવા તો નાશ પામવાની સ્થિતિમાં છે."

દક્ષિણ ગુજરાતના પૂર્વપટ્ટી માં સામાન્ય રીતે ખેડૂતો પાક આકાશી ખેતી આધાર રાખે છે આ વર્ષે શરૂઆતમાં વાવણી લાયક સારો વરસાદ પડયો હતો .ખેડૂતો દ્વારા સમયસર વાવણી કરવામાં આવી હતી.વરસાદ ખેંચાતા ખેડૂતોને નુકસાન થઈ રહ્યું છે. જો પાક નિષ્ફળ જાય તો નાના ખેડૂતો જેમની થોડી જમીન છે તેમને મોટુ નુકસાન વેઠવું પડશે.

# અષાઢી બીજ એટલે ખેડૂતો માટે ખેત ની શરૂઆત કરવાનો અનેરો ઉત્તમ દિવસ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

અષાઢી બીજના દિવસે બનાસકાંઠા પંથકના ખેડૂતો પણ વાજતે ગાતે ખેતરમાં ઉગમણી દિશાએ પાંચ ચાસ ખેડી ખેતીનું મુહૂર્ત કરે છે. પહેલા ના સમયમાં ખેડૂતો હળ-બળદથી ખેતી કરતા હતા ત્યારે બળદને શણગારી હળ બળદ જોડીને બળદની પૂજા કરવામાં આવતી હતી. ત્યારબાદ ધરતી માતાને સ્વસ્તિક દોરી પૂજા કરી ગોળ-ધાણા વહેંચી ખેતીનું ઉત્સાહભેર મુહૂર્ત કરાતું હતું. પરંતુ ખેતી ની પદ્ધતિ પણ આધુનિકતા આવતા હવે હળ-બળદના બદલે ટ્રેક્ટરો અને અન્ય ઓજારો ની પૂજા કરવામાં આવે છે , સમય ની સાથે સાથે ખેતી માં પણ ટેકનોલોજી ની સાથે સાથે આધુનિકતા આવતા હોવી પરંપરાગત ખેતી અને રીત રિવજ પણ બદલાયા છે ..

( આજના દિવસ ને શ્રેષ્ટ માનવામાં આવે છે ,ખેડૂતો એ ધરતી ની પૂજા કરી ખેતીની શરૂઆત કરી છે , કોરોના બાદ આ વર્ષ શરુ આવે તેવી પ્રાર્થના)-વિનોદભાઈ પટેલ, ખેડૂત

પહેલા ખેડૂતો હળ થી ખેતી કરતા હતા પરંતુ હવે ખેડૂતો પણ આધુનિક સાધનો થી ખેતી કરતા અષાઢી બીજ ના દિવસે આધુનિક ઓજારો ની પૂજા કરવામાં આવે છે આમ ભલે ખેડૂતો ગમે તેટલા આધુનિક બની જાય અને બદલાતા સમય સાથે તેહજીબ પણ બદલાવવા માંડી છે ત્યારે અષાઢી બીજના દિવસે ખેડૂતો દ્વારા ખેતીના ઓઝારોની કરવામાં આવતી પૂજાની પરંપરા આજે પણ અકબંદ છે.

### કોરોના મહામારી વચ્ચે

# સિધ્ધપુરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા મોકૂફ રખાયા બાદ મંદીરમાં જ પ્રદક્ષિણા કરવામાં આવી



કોરોના મહામારી વચ્ચે સિધ્ધપુરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા મોકૂફ રખાયા બાદ મંદીરમાં જ પ્રદક્ષિણા કરવામાં આવી હતી. ગોવિંદમાધવભગવાનની રથયાત્રાને શહેરનાં રાજમાર્ગોના નીકાળતા મંદિર પરિસરમાં જ પ્રદક્ષિણા કરાવી ધાર્મિક પરંપરા જાળવી રખાઇ હતી. સમસ્ત જનહિતાર્થે આવો ઉમદા નિર્ણય લઈ સમસ્ત હિન્દુ સમાજે વિશ્વ,દેશ,સમાજ સહિત દરેક ધર્મ ને 'માનવતા પરમો ધરમ' નું શ્રેષ્ઠ ઉદાહરણ પુરુ પાડ્યુ છે. સિદ્ધપુરના ગામધણી ગોવિંદ-માધવ ભગવાનની રથયાત્રા અગાઉ જે કાષ્ટનાં રથમાં નિકળતી હતી તેમાં બન્ને ભગવાન ને બિરાજમાન કરી ભક્તિભાવ પૂર્વક તાલીઓનાં તાલ અને રાધે..ગોવિંદ..રાધે..ની ધૂન સાથે મંદિર પરિસરમાં પ્રદક્ષિણા કરાવાઈ હતી.

પાટણ જીલ્લાના સિધ્ધપુરમાં આજે ભગવાન જગન્નાથની રથયાત્રા મંદીર પરીસરમાં જ ફરી હતી. આજે અષાઠી બીજે પવિત્ર દિવસે સવારે મંગળા આરતી કરી બન્ને ભગવાનને ભોગ ધરાવવામાં આવ્યો હતો. રથયાત્રાને મંદિર પરિસરમાં પુજારી સત્યમ જયેશભાઈ પંડ્યા સહિત બે-ત્રણ બ્રાહ્મણોએ પિંતાબર ધારણ કરી ભાવપૂર્ણ પ્રદક્ષિણા કરાવી હતી. સવારે રથયાત્રાને મંદિર પરિસરમાં પ્રદક્ષિણા પરંપરા વખતે મંદિર કમિટિ પ્રમુખ ભાલચંદ્રભાઈ ઠાકર, કમિટિ સભ્યો, કમલેશભાઈ ઠાકર, રશ્મિનભાઈ દવે સહિત સિમિત સંખ્યામાં ભક્તજનો સામાજિક અંતરનુ ચુસ્ત પાલન કરી જોડાયા હતા.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે, સુપ્રિમ કોર્ટનાં અવલોકન પ્રમાણે કોરોના કહેરનાં આ માહોલમાં રથયાત્રાની મંજુરી આપવામાં આવે ભગવાન અમને માફ નહી કરે તે મુજબ હાઈકોર્ટ અને રાજય સરકારે આ વખતે સમગ્ર રાજયમાં ક્યાય રથયાત્રા જાહેર માર્ગો પર નહિ નીકાળવા નિર્ણય લીધો છે. જેને સનાતન હિન્દુ ધર્મનાં મહંતો અને રાજયની તમામ રથયાત્રા કમિટીઓએ સ્વીકારી રથયાત્રા મોકૂફ રાખવા સંમતિ દર્શાવી છે. આ નિર્ણય અંતર્ગત સિદ્ધપુરનાં ગામધણી ગોવિંદ-માધવ ભગવાનની ચાંદીનાં કલાત્મક રથમાં આવતીકાલ ૨૩મીના રોજ નીકળનારી નગરયાત્રાને સિદ્ધપુર મામલતદારનાં આદેશ મુજબ મોકૂફ રાખવા મંદિર કમિટીએ નિર્ણય લીધો હતો.

### સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે રથયાત્રાના પવિત્ર દિવસે

# ગામધણી શ્રીગોવિંદરાયજી શ્રી માધવરાયજીના મંદિરે જઈ દર્શનકરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા



હતા .(ધ્રુવ દવે સિદ્ધપુર દ્વારા)

ઐતિહાસિક અને ધાર્મિક નગરી સિદ્ધપુર ખાતે અષાઠી બીજના મહાપર્વે રથયાત્રાના પાવન પવિત્ર દિવસે ધારાસભ્ય ચંદનજી ઠાકોરે (ભગવાન જગન્નાથ) ગામધણી શ્રીગોવિંદરાયજી શ્રી માધવરાયજીના મંદિરે જઈ બાપાના દર્શન કરી ધન્યતાની અનુભૂતિ કરી હતી તેમણે સિદ્ધપુર શહેર અને તાલુકાને કોરોના વાયરસની મહામારીથી રક્ષણ મળે તેમજ સર્વે નગરજનો માટે સ્વસ્થ આરોગ્ય ઐશ્વર્ય અને અને સુખાકારી મળી રહે તે માટે પ્રભુને પ્રાર્થના કરી હતી આ પ્રસંગે મંદિર કમિટીના સભ્યો દ્વારા ધારાસભ્ય ચંદનજી ઠાકોરનું સ્વાગત કરી તેમને આવકાર્યા હતા અને પ્રતિવાર્ષિક ધામધુમથી નીકાળથી રથયાત્રાને મંદિર પરિસર પૂરતી સીમિત રાખતા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી

તેમની સાથે તાલુકા તેમજ શહેર કોંગ્રેશના આગેવાનોએ ધાર્મિક પરંપરાથી મહા પ્રશાદનો લાભ લીધો હતો જેમાં GPCC મંત્રીશ્રી ઈબ્રાહીમભાઇ ચારોલીયા, GPCC સહમંત્રીશ્રી દશરથભાઈ આઈ. પટેલ, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ અભેસિંહ ઠાકોર, શહેર કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ પાધ્યા, દીપકભાઈ બારોટ, રતિલાલ બારોટ, જેવા આગેવાનોએ શ્રીજીના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતાની અનુભૂતિ કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.